RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

સુવિચાર

બીજા કોઈપણ સદ્‌ગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદ્‌ગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે...

મવડીના અર્જુન જ્વેલર્સના કેશીયરે ગ્રાહકો સાથે સ્કીમના નામે લલચ આપી બોગસ પાવ્યર બનાવી રૂ.૧.૬૯ કરોડની કરી ઠગાઈ P-4

Year-16, Issue-219 ■ DATE : 29-12-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

ટાટાનગર - અર્નાકુલમ એક્સપ્રેસમાં આગ લાગતા એકનું મોતઃ ૧૫૮ યાત્રીઓનો બચાવ

કોચને આગ ઘેરી વળે તે પૂર્વે ટ્રેન રોકી દેવાતા મોટી દુર્ઘટના અટકી

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ટાટા-એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગી, જેમાં એક મુસાફરનું મોત થયું. રવિવારે મધ્યરાત્રિ પછી આંધ્રપ્રદેશના એલામંચિલી નજીક ટાટા-એર્નાકુલમ એક્સપ્રેસમાં ભીષણ આગ લાગી. આ અકસ્માત લગભગ ૧ ૩૦ વાગ્યે થયો જ્યારે ટ્રેન એલામંચિલી નજીકથી પસાર થઈ રહી હતી. પેન્ટ્રી કારને અડીને આવેલા - ૧ અને -૨ એસી કોચમાં અચાનક આગ લાગી.

રેલ્વે સૂત્રોના જણાવ્યા અનુસાર, ધુમાડો અને આગ જોઈને ટ્રેનના લોકો પાઈલટ્સે તાત્કાલિક ટ્રેનને રોકી દીધી હતી. જોકે, ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી તે પહેલાં, બને એસી કોચ સંપૂર્ણપણે આગમાં લપેટાઈ ગયા હતા. આગના કારણે કોચમાં ગાઢ ધુમાડો ભરાઈ ગયો હતો, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ઘણા મુસાફરો ગભરાઈ ગયા અને પોતાનો જીવ બચાવવા માટે ટ્રેનમાંથી નીચે ઉતરી ગયા.

ઘટનામાં એક મુસાફરનું મોત નીપજ્યું હતું. નજીકના ફાયર સ્ટેશનની ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘણી મહેનત પછી આગને કાબુમાં લીધી હતી. રેલ્વે અધિકારીઓએ પરિસ્થિતિની સમીક્ષા કરી અને સાવચેતી રૂપે એમ્બ્યુલન્સ બોલાવી. અકસ્માત બાદ, આશરે ૨,૦૦૦ મુસાફરો સ્ટેશન પર ફસાયેલા હતા, ઠંડીમાં લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી હતી. આ દુઃખદ અકસ્માતમાં વિજયવાડાના ૭૦ વર્ષીય ચંદ્રશેખર સુંદરનું મૃત્યુ થયું. તેઓ -૧ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા અને આગમાં જીવતા બળી ગયા. વધુમાં, બે અસરગ્રસ્ત કોચમાં મુસાફરોનો તમામ સામાન નાશ પામ્યો.

આ ઘટનાથી વિશાખાપટ્ટનમ-વિજયવાડા રેલ્વે રૂટ પર પણ અસર પડી. આ રૂટ પર ઘણી ટ્રેનો રોકાઈ હતી અથવા મોડી પડી હતી. મુસાફરોને બાદમાં અન્ય કોચમાં ખસેડવામાં આવ્યા હતા, અને બળી ગયેલા કોચને દૂર કર્યા પછી, ટ્રેન ફરી શરૂ થઈ હતી. રેલ્વે વહીવટીતંત્રે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે અને આગનું કારણ શોધવાનું કામ ચાલી રહ્યું છે. રેલ્વેએ મુસાફરોની સલામતી સુનિતિ કરવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી આપી છે.

અરવલ્લી કેસમાં સુપ્રીમે પોતાના જ આદેશ પર આપ્યો સ્ટે

એકસપર્ટ કમિટી આ બાબતની તપાસ કરશેઃ ૨૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી હાથ ધરાશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળાના કેસમાં પોતાના જ ૨૦ નવેમ્બરના ચુકાદા પર હાલ પૂરતી રોક લગાવી દીધી છે. કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. દેશના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વિશેષજ્ઞ સમિતિની ભલામણ અને તેના પર સુપ્રીમ કોર્ટે કરેલી તમામ ટિપ્પણી સ્થગિત કરી છે. આગામી આદેશ સુધી સમિતિની કોઈ પણ ભલામણ લાગુ કરાશે નહીં. સમગ્ર કેસમાં આગામી ૨૧મી જાન્યુઆરીએ વધુ સુનાવણી કરવામાં આવશે. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે અરવલ્લી ગિરિમાળાની વ્યાખ્યા કે પરિભાષાને માન્યતા આપી હતી કે જેમાં કહેવામાં આવ્યું હતું કે ૧૦૦ મીટરથી ઊંચા પહાડોને જ અરવલ્લી ગિરિમાળા માનવામાં આવે. જે બાદથી જ સમગ્ર વિવાદ શરૂ થયો હતો. સુપ્રીમ કોર્ટના આજના આ આદેશથી પર્યાવરણપ્રેમી તથા અરવલ્લી બચાવો આંદોલન કરી રહેલા લોકોની મોટી જીત થઈ છે.

CJI સૂર્યકાંતે કહ્યું, કે સમિતિના રિપોર્ટ તથા તેના પર કોર્ટે કરેલી ટિપ્પણીનો ખોટો અર્થ કાઢવામાં આવી રહ્યો છે. એવામાં આ રિપોર્ટ અને કોર્ટના આદેશ લાગુ કરતાં પહેલા એક નિષ્પક્ષ અને સ્વતંત્ર મૂલ્યાંકનની જરૂર છે. સમગ્ર કેસમાં સુપ્રીમ કોર્ટે હરિયાણા, રાજસ્થાન, દિલ્હી સહિત તમામ સંબંધિત રાજ્યોને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. કોર્ટે કેન્દ્રને નોટિસ પાઠવી છે.

નોંધનીય છે કે કેન્દ્રીય પર્યાવરણ વિભાગની એક સમિતિએ સુપ્રીમ કોર્ટમાં ભલામણ કરી હતી કે ૧૦૦ મીટર કે તેથી ઊંચાઈના પર્વતો જ અરવલ્લી ગિરિમાળા માનવામાં આવે. આ ભલામણને ૨૦મી નવેમ્બરે સુપ્રીમ કોર્ટે માન્યતા આપી હતી. જે બાદથી જ ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં ભારે વિરોધ થઈ રહ્યો હતો. લોકોને ભય છે કે આમ તો અરવલ્લીના પહાડો નષ્ટ થઈ જશે અને માફિયાઓ બેફામ ખાણકામ કરશે. લોકોએ કેન્દ્ર સરકાર સામે બાંયો ચડાવી છે. જોકે ભારે વિરોધ અને વિવાદ વધતાં જોઈ કેન્દ્ર સરકારે ૨૪મી ડિસેમ્બરે નવો આદેશ જાહેર કરી કહ્યું હતું કે અરવલ્લીમાં નવા ખાણકામની મંજૂરી આપવામાં આવશે નહીં.





૨૦૨૫નું વર્ષ સમગ્ર વિશ્વ માટે આપત્તીનું રહ્યુંઃ પ્રાકૃતિક આપદાને કારણે ૪૩૪૦ના મોત

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

૨૫ સપ્ટેમ્બર (આઈએએનએસ) એક નવા અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૫ એ આબોહવા આપત્તિઓ માટે સૌથી ખર્ચાળ વર્ષોમાંનું એક હતું. ચાર ખંડોમાં ગરમીના મોજા, જંગલની આગ, દુષ્કાળ અને વાવાઝોડાને કારણે આ વર્ષે વિશ્વને ૧૨૨ બિલિયનનું નુકસાન થયું. યુકે સ્થિત બિન-સરકારી સંસ્થા ક્રિયિન એઇડ આ અહેવાલ આપ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ટોચની છ સૌથી મોંઘી આપત્તિઓમાંથી ચાર એશિયામાં બની હતી, જેમાં ભારત અને પાકિસ્તાનમાં પૂરથી ૧,૮૬૦ થી વધુ લોકો માર્યા ગયા હતા.

કાઉન્ટિંગ ધ કોસ્ટ ૨૦૨૫ નામના અહેવાલમાં જાણવા મળ્યું છે કે ભારત અને પાકિસ્તાનમાં ચોમાસાની અસરો નાણાકીય નુકસાનની દ્રષ્ટિએ પાંચમા ક્રમે છે. અહેવાલમાં આબોહવા પરિવર્તનના વધતા ખર્ચ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં અશ્મિભૂત ઈંધણ કંપનીઓ કાર્બોકટીને વધુ તીવ્ર બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. વિશ્વના સૌથી ગરીબ દેશોમાં આ નુકસાન સૌથી વધુ અનુભવાઈ રહ્યું છે. અહેવાલમાં આબોહવા કાર્બોકટીથી પ્રભાવિત વર્ષની ૧૦ સૌથી મોંઘી આત્યંતિક ઘટનાઓની ઓળખ કરવામાં આવી છે, જેમાં દરેકમાં ૧ બિલિયનથી વધુનું નુકસાન થયું છે. વિશ્વના છ વસ્તીવાળા પ્રદેશોમાં દરેકમાં ઓછામાં ઓછી એક આપત્તિ રિપોર્ટમાં દર્શાવવામાં આવી હતી.

અશ્મિભૂત ઈંધણથી દૂર રહેવાની જરૂરિયાત, ક્રિયિન એઇડના ચીફ એક્ઝિકયુટિવ ઓફિસર પેટ્રિક વોટે જણાવ્યું હતું કે આ આબોહવા આફતો એ ચેતવણી છે કે જો આપણે અશ્મિભૂત ઈંધણથી દૂર રહેવાના સંકમણને વેગ ન આપીએ તો આગળ શું થવાનું છે. તેમના મતે, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડીને આબોહવા આફતોને ઘટાડી શકાયા હોત.

રિપોર્ટ મુજબ, ટોચની ૧૦ સૌથી મોંઘી આફતોમાંથી બે યુનાઇટેડ સ્ટેટ્સમાં બની હતી, જેમાં કેલિફોર્નિયામાં પેલિસેડ્સ અને ઇટન આગનો સમાવેશ થાય છે.

સોના-ચાંદીમાં ઐતિહાસિક તેજીનો દોરઃ ચાંદી ૨.૫૪ લાખને પાર

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સોના-ચાંદીમાં રોકાણ કરનારા રોકાણકારોને જોરદાર નફો મળી રહ્યો છે. ખાસ કરીને ચાંદીમાં ઐતિહાસિક તેજીનો દોર હજુ પણ યથાવત? છે. ની વાત કરીએ તો વાયદા બજારમાં ચાંદી આજે ઐતિહાસિક ૧૪૩૮૭ રૂપિયાના ઉછાળા સાથે તમામ રેકોર્ડ તોડતાં ૨૫૪૧૭૭ની નવી ઓલ ટાઈમ હાઈ સપાટીને સ્પર્શી ગઈ હતી.

ચાંદીની સાથે સોનાના ભાવમાં પણ મજબૂતી જોવા મળી હતી અને તેણે પણ નવી રેકોર્ડ સપાટી બનાવી હતી. ગત શુક્રવારે સોનું ૧૩૯૮૭૩ના ભાવે વાયદા બજારમાં બંધ થયું હતું ત્યારે સોમવારે નવા વેપાર અઠવાડિયાની શરૂઆત સાથે જ ૫૭૧ રૂપિયાનો ઉછાળો આવતા સોનાએ ૧૪૦૪૪૪ રૂપિયાની

સપાટીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ ઐતિહાસિક તેજીને કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

નિષ્ણાતો કહે છે કે આવનારા નવા વર્ષ ૨૦૨૬માં પણ સોના અને ચાંદીમાં રેકોર્ડ તેજીનો દોર યથાવત? રહેશે. ચાંદીનો ભાવ ૩૦૦૦૦૦ પ્રતિ કિલોગ્રામ તો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામનો ભાવ ૧૬૦૦૦૦ને પાર થઈ શકે છે.

ભાજપ પ્રદેશ સંગઠનની રચનામાં સૌરાષ્ટ્રનો દબદબો વધ્યોઃ પ્રશાંત કોરાટ સહિત ત્રણને મહામંત્રીપદની જવાબદારી સોંપાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાતમાં લાંબા ઈન્તજાર બાદ અંતે ભાજપના પ્રદેશ સંગઠનની થયેલી રચનામાં એક તરફ સૌરાષ્ટ્ર અને કચ્છનો દબદબો હોવાનું બહાર આવ્યું છે તો બીજી તરફ હવે આ સંગઠનમાં જે રીતે પ્રાદેશિક અસમતુલા પણ દેખાઈ રહી છે તે જોતા આગામી દિવસોમાં તે કઈ રીતે ભાજપ નવા સમીકરણો બેસાડશે તેના પર નજર છે.

ગુજરાતમાં સી.આર.પાટીલને ત્રણ વર્ષના નિશ્ચિત કાર્યકાળમાં બે વર્ષમાં સસ્પેન્સભર્યા એકસટેન્શન અને ત્યાર-બાદ નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની વરણી પછી પણ લગભગ અઢી માસ સુધી નવા સંગઠનની રાહ જોવી પડી હતી અને તેમાં જે નામો ચર્ચામાં હતા ખાસ કરીને ભાજપના સંગઠનમાં જેનો પ્રભાવ હતો તેમને લગભગ કાપી નાખવામાં આવ્યા છે.

સૌપ્રથમ તો મહત્વ એ છે કે, ભાજપમાં સી.આર.પાટીલ યુગનો અંત આવી ગયો છે. ખાસ કરીને સંગઠનમાં તે નિશ્ચિત છે. તો જેમ રાષ્ટ્રીય સ્તરે પક્ષે સાવ નવા ચહેરા નીતિન નબીનને રાષ્ટ્રીય પ્રમુખ બનાવીને સૌને આશ્ચર્યમાં મુક્યા હતા તેમ ગુજરાતના સંગઠનમાં પણ આ પ્રકારે કેટલી બાદબાકી આશ્ચર્યજનક કરીને અત્યાર સુધી કમલમમાં બેસીને પાટીલની હાજરીમાં કે ગેરહાજરીમાં પક્ષને ચલાવતા અનેક તમામ મહામંત્રીઓ અને પ્રદેશ ઉપપ્રમુખ તથા મંત્રીઓને હવે આજથી જ કમલમમાં તેમનું સ્થાન નથી તે નિશ્ચિત કરી લેવાયું છે.

સંગઠનમાં સૌથી પ્રભાવી ગણાતા ચાર મહામંત્રીઓમાં ત્રણ સૌરાષ્ટ્રના આમ સૌરાષ્ટ્રને અત્યાર સુધી ડોઢ એક નેતૃત્વ દેઠળ મુકવાની જે પરંપરા હતી તેને તોડીને ત્રણ ચહેરાઓને સૌરાષ્ટ્રમાંથી પસંદ કરાયા છે જોકે ભાજપની ઘાટી મુજબ હજુ ક્યાં ઝોનમાં કોને જવાબદારી સોંપાઈ છે તે નિશ્ચિત નથી અને તેથી સૌરાષ્ટ્રમાં જે નવા આમ આદમી પાર્ટીનો પડકાર ઉભો થયો છે અને કોંગ્રેસ પણ ફરી વમત બેઠી થવા પ્રયત્ન કરી રહી છે તે પરિસ્થિતિ વચ્ચે આગામી મહિનાઓમાં જ યોજનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સૌરાષ્ટ્રએ અસંતોષનું �એપી સેન્ટર બનાવવાની આપની કોશીશ કેટલી કારગત બ્યુહરચના ઘડે છે તેના પર સૌની નજર છે. અંતે તો મત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કરીશ્મા અને અમિતભાઈ શાહની વ્યુહરચનાને કારણે જ મળતા હોય છે અને રાષ્ટ્રીય સ્તરથી પ્રદેશ સ્તર સુધી આ જ કોર્મ્યુલા કામ કરે છે. ચાર મહામંત્રીઓમાં માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રમુખ પ્રશાંત કોરાટ, સુરેન્દ્રનગર જિલ્લાના પ્રમુખ હિતેન્દ્રસિંહ પરમાર, ખેડા જિલ્લાના પૂર્વ પ્રમુખ અજય પ્રજાપતિને સ્થાન અપાયું છે.

ઉન્નાવ દુષ્કર્મ કેસમાં હાઇકોર્ટના ચુકાદા પર સુપ્રીમનો સ્ટેઃ કુલદીપ સેંગરને જેલમાં જ રહેવું પડશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ઉત્તર પ્રદેશના ચર્ચિત ઉન્નાવ દુષ્કર્મ કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં દિલ્હી હાઈકોર્ટે ભાજપના સસ્પેન્ડેડ નેતા કુલદીપ સેંગરને સામૂહિક દુષ્કર્મના કેસમાં જામીનને સીબીઆઈ દ્વારા પડકારવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાલમાં આગામી સુનાવણી સુધી હાઇકોર્ટના ચુકાદાને સ્ટે આપી દીધો છે અને કુલદીપ સિંહ સેંગર હવે જેલમાં જ રહેશે. ચાર અઠવાડિયા બાદ હવે સુનાવણી હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના જજોએ કુલદીપ સિંહ સેંગર તરફથી હાજર વકીલોને ફિટકાર લગાવતા કહ્યું હતું કે તમે આડી અવળી વાતો કરવાની જગ્યાએ સ્ટે પર વાત કરો. અમે જામીન પર સ્ટે આપવા તૈયાર છે. તમે જો હાઇકોર્ટના જામીનને ચાલુ રાખવા માગતા હોવ તો અમને એનું કારણ જણાવો.

સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી હાથ ધરતાં સીબીઆઈના વકીલે આ કેસને ભયાનક ગણાવ્યો હતો. સીબીઆઈ તરફથી તુષાર મહેતા દલીલ કરવા કોર્ટમાં હાજર થયા હતા. તેમણે દલીલ કરી હતી કે જ્યારે પીડિતા પર આ ભયાનક દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો ત્યારે તેની ઉંમર ૧૫ વર્ષ જ હતી એટલે કે આ પોક્સોનો કેસ બને છે. આ એક ગંભીર અપરાધ છે અને તે સાબિત પણ થયો છે છતાં હાઈકોર્ટે આ મામલે ગંભીરતા ન દાખવતા સેંગરને જામીન પર છોડી મૂક્યો હતો.

ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો જૂનમાં ખાલી થશે

સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતું રાજકોટ આજે ઓટોમોબાઈલ, શિક્ષણ, વેપાર ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. પરંતુ રાજ્ય અને કેન્દ્રમાં રહેલ શાસક પક્ષ ભાજપ માટે રાજકોટ હવે પ્રયોગશાળા નથી તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

પચાસ વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું હશે જ્યારે એક પણ નેતાને રાજ્ય સરકારના મંત્રીમંડળમાં સ્થાન નથી, તો પ્રદેશ ભાજપ સંગઠનમાં મહત્વની જવાબદારી પણ નથી મળી. રાજકોટના નેતાઓની આંતરિક લડાઈ કે પછી હાઈકમાન્ડની અવગણના, પરંતુ રાજકોટ શહેરના નેતાઓને ક્યાંય સ્થાન અપાયું નથી તે વાસ્તવિકતા છે. રાજકોટ માટે આજે એવો દિવસ આવ્યો છે જ્યારે અહીંના ધારાસભ્યો કે નેતાઓને રાજકોટના મૂળભૂત પ્રશ્નો માટે અન્ય મંત્રી કે નેતાને ભલામણ કરવી પડે. હવે માત્ર જૂનમાં ખાલી થઈ રહેલી રાજ્યસભાની ચાર બેઠકો પર નજર ફોઈ શકે જ્યારે રાજકોટ માંથી કોઈ પણ એક નેતાને તક મળી શકે. ૨૧ જૂન ૨૦૨૬ના રોજ ભાજપના ત્રણ અને કોંગ્રેસના એક સાંસદની ટર્મ પૂરી થાય છે જેમાં રામભાઈ મોકરિયા, રમીલાબેન બારા, નરહરિ અમીન અને શક્તિસિંહ ગોહિલની રાજ્યસભામાં સભ્ય તરીકે ટર્મ પૂરી થાય છે.

ત્રિપુરાનો વિદ્યાર્થી ઉતરાખંડમાં મોબ લીંચીંગનો શિકાર

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ત્રિપુરાના એક વિદ્યાર્થી એન્જલ ચકમાની દહેરાદૂનમાં ફકત તેનો ચહેરો ચાઈનીઝ જેવો હોવાના કારણે મોબ લીંચીંગથી કરાયેલી હત્યાથી જબરો વિરોધ સર્જાયો છે. એન્જલ એ એમબીએનો વિદ્યાર્થી હતો અને તેમની બેચ એક પ્રાઈવેટ કંપનીમાં અભ્યાસ વચ્ચે જે ઈન્ટર્ન તરીકે મુકાય છે તે સંદર્ભમાં પણ કામ કરતો હતો.

૨૪ વર્ષીય એંજલને તેના ૨૧ વર્ષના નાના ભાઈ માઈકલ પર ચીંગ-ચોંગ ચાઈનીઝ સહિતના તરલીમ ભાષામાં છ લોકોએ હુમલો કર્યો તેમના નાના ભાઈને બચાવવા એન્જલએ પણ વિરોધ કરતા તેને તથા તેના ભાઈને મોમો-ચાઈનીઝ વિ. કહેતા તેઓ ત્રિપુરાના હોવાનું અને ચાઈનીઝ નહી હોવાનો બચાવ કરી તેવો પણ ભારતીય જ છે તેવું કહ્યું પછી પ્રજે ભાઈઓ પોતાના મોટર સાયકલ પર જવા લાગ્યા તો છ લોકોના એક ગ્રુપમાંથી એક એ માઈકલના માથા પર હોકી જેવી સ્ટીકથી ભારતા એન્જલ નીચે ઉતરીને બચાવ કરવા પ્રયાસ કરતા પાંચ લોકોએ ચાકુના ઘા તથા ગંભીર રીતે ઘાયલ કર્યો હતો.

તા.૧૦ની આ ઘટનામાં ૧૭ દિવસની સારવાર બાદ એન્જલનું હોસ્પીટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. જેમાં પોલીસે તા.૧૪ના રોજ પાંચ લોકોની ધરપકડ કરી હતી પણ એન્જલના મૃત્યુ બાદ ત્રિપુરા અને ઉતરપુર્વના અન્ય રાજયમાં તેના પર જબરો આક્રોશ છે. એક નાસી છુટેલા નેપાળીને માટે ટીમ રચાઈ છે.

ત્રિપુરાના પાટનગર અગરતલા સહિતના સ્થળોએ દેખાવો થયા છે. ત્રિપુરાના મુખ્યમંત્રી માનીક સહા એ ઉતરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંઘ ધામી સાથે ફોન પર વાતચીત કરી. ઉતરાખંડમાં અભ્યાસ કરતા ત્રિપુરા-ઉતર પુર્વના વિદ્યાર્થીઓની સુરક્ષા નિશ્ચિત કરવા માંગ કરી હતી. મેઘાલયમાં પણ આ ઘટનાના પડયા પડયા છે. ઉતરપુર્વના સેંકડો વિદ્યાર્થીઓ અહી અભ્યાસ કરી રહ્યા છે.

વિસાવદરમાં એટ્રોસીટી અને છેડતીની ગંભીર ફરીયાદ દાખલ થતાં રાજકીય ગરમાવો

મુખ્ય સમાચાર, વિસાવદર

વિસાવદર તાલુકાના માંડાવડ ગામે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખે દાદાગીરી કરી મજૂર પર હુમલો કર્યાના આરોપસરની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. પોલીસે આ મામલે એટ્રોસિટી અને છેડતી જેવી કલમ કલમો હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. માંડાવડ ખાતે મગફ?ળી ખરીદ કેન્દ્ર નંબર-૩ પર ટેકાના ભાવે મગફ?ળી ખરીદીની વકિયા ચાલી રહી હતી. આ દરમિયાન જૂનાગઢ જિલ્લા આપનાં પ્રમુખ હરેશ સાવલિયા તેમના અન્ય સાથીદારો સાથે ત્યાં પહોંચ્યા હતા. મગફ?ળી તોળવા જેવી બાબતે બોલાચાલી થતા મામલો ઉગ્ર બન્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ઉશ્કેરાયેલા હરેશભાઈ સાવલિયા, ભદ્રેશભાઈ અને રવિભાઈ ડોબરીયાએ ત્યાં કામ કરતા મજૂર સાથે ઝપાઝપી કરી તેને માર માર્યો હતો. આરોપીઓએ મજૂરને તેની જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી હડધૂત કરી મજૂરની પત્ની સાથે પણ અસભ્ય વર્તન કરી છેડતી કર્યાના ગંભીર આક્ષેપો ફરિયાદમાં કરવામાં આવ્યા છે. ભોગ બનનાર શ્રમિકે આ અંગે વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આ કેસની તપાસ તાત્કાલિક અસરથી જૂનાગઢ SC/ST સેલના ડીવાયએસપી રને સોપાઈ છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા માટે ચકો ગતિમાન કરવામાં આવ્યા છે. આ ફરિયાદના પગલે આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓ વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે હાજર થવા પહોંચ્યા હતા.

થાણે નગરપાલિકાની ચૂંટણીમાં બે સહયોગી પક્ષ ભાજપ અને શિવસેના શિંદે વચ્ચેની ખાઇ મોટી બની

મુખ્ય સમાચાર, થાણે

અહીં નગરપાલિકાની ચૂંટણી પહેલા બે સહયોગી પાર્ટી ભાજપ અને શિવસેના શિંદે વચ્ચે વાત બગડતી જઈ રહી છે પક્ષ અને વિપક્ષની લડાઈમાં હવે રાજ્યની બે સહયોગી પાર્ટીમાં પણ રાજકીય ઘમાસાણ છેડાઈ ગયું છે. સીએમ ફડનવીસના નેતૃત્વ વાળી ભાજપ અને ડેપ્યુટી સીએમ શિંદેના સીએમ શિંદેના નેતૃત્વ વાળી શિવસેના સામ સામે આવી ગઈ છે. બન્ને પાર્ટીઓએ અલગ અલગ પ્રચાર શરૂ કરી દીધો છે.

ઠાણે સીટ એકનાથ શિંદેનો ગઢ ગણાય છે પરંતુ લાંબા સમયથી ભાજપ અને શિવસેના બાદમાં ન બનવાથી બન્ને પાર્ટીઓએ અલગ અલગ ચૂંટણીના બ્યુગલ ફૂંક્યા છે. ભાજપે પૂરા શહેરમાં 'નમો ભારત નમો ઠાણે'ના નારા આપ્યા છે.

ભાજપના આ પગલાથી નારાજ શિવસેના શિંદે અલગથી ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ભાજપ શિવસેના શિંદેના ગઠબંધનને લઈને હજુ સુધી કોઈ પ્રસ્તાવ નથી. વિશેષજ્ઞોનું માનીએ તો જો ભાજપ અલગ ચૂંટણી લડે છે તો તે શિંદે માટે પડકાર સાબિત થશે. આથી રાજ્યના રાજકારણમાં ભૂકંપ આવી શકે છે.

પ્રેસ મીડિયા એસોસિએશન મોરબી દ્વારા "મારા સપનાનું મોરબી" વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેર નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બની વિકાસની હરણફાળ કરી રહ્યું છે ત્યારે ખરેખર આવનાર સમયના નાગરિક જે હાલ નાના બાળકો છે તેઓને કયા પ્રકારનું મોરબી જોઈએ છે તે અંગે મોરબી મહાનગરપાલિકા અને નેતાઓને જણાવવા માટે મોરબીના સરદાર બાગ ખાતે પ્રેસ મીડિયા એસોસિએશન મોરબી દ્વારા "મારા સપનાનું મોરબી" વકૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું જેમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને પોતાના સપનાના મોરબીની વાતો રજૂ કરી હતી.

જેમાંથી ગુજરાતી માધ્યમના પ્રાથમિક વિભાગ (ધોરણ ૬,૭ અને ૮) માં પ્રથમ ક્રમે સાવરીયા ઉર્વીશા કિશોરભાઈ, દ્વિતીય ક્રમે બોપલિયા ભવ્ય કિશોરભાઈ અને તૃતીય ક્રમે સંઘાણી મોક્ષા રજનીશભાઈ વિજેતા બન્યા હતા જ્યારે ગુજરાતી માધ્યમના માધ્યમિક વિભાગ (ધોરણ ૯ અને ૧૦) ના પ્રથમ ક્રમે કંઝારીયા તમન્ના ભાવેશભાઈ, દ્વિતીય ક્રમે પાકડ રાજલ હિમાંશુભાઈ અને તૃતીય ક્રમે પરમાર અંજલી વિજેતા બન્યા હતા તેમજ અંગ્રેજી માધ્યમમાં પ્રથમ ક્રમે જીયાન પટેલ, દ્વિતીય ક્રમે રાણવા શ્રીયા મનસુખભાઈ, તૃતીય ક્રમે ચાવડા મેઘાવી વિનોદભાઈ વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શીલ્ડ, શિક્ષણ કીટ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા સુંદર પ્રતિભાવ આપવામાં આવ્યા હતા તેઓએ જણાવ્યું કે બાળકોના સપનાઓ જોતા અમારે પણ અમારી દિનચર્યામાં ઘણો બધો સુધારો કરવો પડશે, બાળકોના આગામી સુંદર ભવિષ્ય માટે ઘરની આજુબાજુ સફાઈ, પ્રદૂષણ મુક્ત શહેર અને તે માટે બિનજરૂરી વાહનોનો ઉપયોગ ટાળવો, વધુને વધુ વૃક્ષો વાવવા, ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે ટ્રાફિક નિયમોનું પાલન કરવું, તેમજ શહેરમાં થતી ગેર પ્રવૃતિઓનો વિરોધ કરી શહેરને ગુનામુક્ત કરવું પડશે.

આ કાર્યક્રમમાં મોરબી શહેરીજનો અને સ્પર્ધકો તેમજ વાલીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રેસ મીડિયા એસોસિએશન મોરબી તરફથી કાર્યક્રમને સફળ બનાવવા પરેશભાઈ પારીઆ, સંજયભાઈ વાઘડિયા, વીરુભાઈ બોક્સા, વિશાલભાઈ ટૂંટીયા, વલ્લભ ત્રિવેદી, મેહુલભાઈ ગઢવી, યોગેશભાઈ રંગપડીયા, પંકજભાઈ સનારીયા, બળદેવભાઈ ગઢવી, મયંકભાઈ દેવમુરારી, અદ્દેમશાહ બાપુ, રફીકભાઈ અજમેરી, મોહસીનભાઈ શેખ, રિતેશ સંચાણિયા દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રેસ મીડિયા પત્રકાર ગ્રુપ દ્વારા વાલી અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વાંકાનેરના વઘાસીયા ટોલ નજીક સર્વિસ રોડ ત્વરિત રીપેર કરવા માંગ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના વઘાસીયા ટોલ પ્લાઝા નજીક આવેલા સર્વિસ રોડની હાલત અત્યંત ખરાબ બની છે. ત્યારે આમ આદમી પાર્ટીએ ખાડાઓ ભરવા અને પાણી નિકાલની ટ્રેન્ચ સાફ કરવા તંત્ર સમક્ષ તાત્કાલિક માંગ કરી છે.

વાંકાનેર તાલુકામાં વઘાસીયા ટોલ પ્લાઝાથી માત્ર એક કિલોમીટર જેટલા અંતરે નર્સરી પાટીએ જતો સર્વિસ રોડ હાલ અત્યંત દયનીય પરિસ્થિતિમાં છે. રોડ ઉપર મોટા મોટા ખાડાઓ પડેલા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાડાઓના કારણે સમય અને ઈંધણનો વ્યય થતો હોવા ઉપરાંત અકસ્માતનો ભય પણ સતત રહ્યો છે. વાંકાનેર તથા આસપાસના ગામોમાં અવરજવર કરતા લોકો માટે આ સર્વિસ રોડ માથાના દુઃખાવા સમાન બની ગયો છે. ટોલ પ્લાઝાની અત્યંત નજીક હોવા છતાં જો જનતાને આવી હાલાકી ભોગવવી પડે તે બાબત ગંભીર હોવાનું આમ આદમી પાર્ટીએ જણાવ્યું છે. આ સંદર્ભે આમ આદમી પાર્ટીના જીલ્લા મહામંત્રી પંકજભાઈ આદ્રોજા અને જીલ્લા ઓબીસી પ્રમુખ હિરેનભાઈ વૈષ્ણવે તંત્ર સમક્ષ માંગ કરી છે કે સર્વિસ રોડને ત્વરિત રીપેર કરવામાં આવે તેમજ બાજુમાં આવેલી પાણી નિકાલની ટ્રેન્ચને યોગ્ય રીતે સાફ કરી જનતાને રાહત આપવામાં આવે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જામનગરના ગુરુદ્વારામાં ગુરુ ગોવિંદસિંઘજીની ૩૫૯મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ગુરૂદ્વારા ગુરૂ સિંઘ સભામાં ગુરૂ ગોવિંદસિંઘજી ની ૩૫૯ મી જન્મ જયંતી ની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી, અને શોભાયાત્રા, સેહજ પાઠ, લંગર પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂદ્વાર થી શોભાયાત્રા નીકળી હતી,જેમાં બહોળી સંખ્યામાં શીખ સંપ્રદાયના ભાઈઓ-બહેનો જોડાયા હતા, અને જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગુરુ ગોવિંદસિંઘજીની છબીને કુલહાર કરાયા હતા.

જ્યાં જી.જી. હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડો. દિપક તિવારી, આર.એમ.ઓ. ડો.પ્રમોદ સકસેના, જી.જી. હોસ્પિટલના સ્ટાફ અને નિવૃત્ત આર્મીમેન તેમજ ગુરૂદ્વારા ની સંગત ની હાજરીમાં જી.જી. હોસ્પિટલમાં પ્રાર્થના કરવામાં આવી હતી. તેમજ જી.જી. હોસ્પિટલના દર્દીઓ જલ્દી સાજા થાય તે માટેની પણ પ્રાર્થના કરાઈ હતી. ત્યાર બાદ ગુરૂદ્વારામાં સેહજપાઠ ની સમાપ્તિ કરવામાં આવી હતી.ના પ્રસંગે ગંગાનગરના ગગનદીપ સિંઘ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, અને તેઓ દ્વારા શબ્દ કીર્તન કરવામાં આવ્યું હતું. ત્યારે બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ગુરૂદ્વારામાં ઉપસ્થિત રહી માથું ટેકવી ને શબ્દ કીર્તનો લાભ લીધો હતો, ત્યારબાદ ગુરૂ કા લંગર નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પણ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી પ્રસાદ લીધો હતો.

માળીયા(મી)ના નવી નવલખી ગામથી જામગરી બંદૂક સાથે એકની અટક

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે નવી નવલખી ગામની સીમમાંથી આરોપી સુભાનભાઈ આદમભાઈ મોવર રહે. નવી નવલખી તા.માળીયા(મી) વાળાને દેશી હાથ બનાવટની જામગરી બંદૂક કિ.રૂ.૨,૦૦૦/-સાથે ઝડપી

લેવામાં આવ્યો હતો, આ સાથે પકડાયેલ આરોપી વિરૂદ્ધ પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં મિશન ખાખી ૨૦૨૫-૨૬ અંતર્ગત પોલીસ ભરતી તૈયારી માટે ફ્રી ફિઝિકલ ટ્રેનિંગ કેમ્પ શરૂ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી લોકરક્ષક, પોલીસ તથા અન્ય સુરક્ષા દળોની ભરતીની તૈયારી કરતી સર્વ જ્ઞાતિની બહેનો માટે મોરબીમાં મિશન ખાખી ૨૦૨૫-૨૬ અંતર્ગત ફ્રી ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અનુભવી નિવૃત આર્મી અધિકારીના માર્ગદર્શન હેઠળ ફિઝિકલ ટ્રેનિંગ સાથે સાયન્ટિફિક ડાયેટ પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

પોલીસ અને અન્ય ફોર્સની ભરતીમાં સફળતા મેળવવા માટે માત્ર ઢોડ માટેની તૈયારી પૂરતી ન હોય, તેના માટે યોગ્ય ટેકનિક, સ્ટેમિના અને પૌષ્ટિક આહાર જરૂરી હોય છે તે હેતુથી મિશન ખાખી ૨૦૨૫-૨૬ શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષથી કાર્યરત આ કેમ્પમાં પ્રોફેશનલ રનિંગ કોચિંગ, સ્ટેમિના બિલ્ડિંગ કસરતો અને વ્યક્તિગત ડાયેટ ચાર્ટ આપવામાં આવે છે. ઉમેદવારોને ૧૬૦૦ મીટર દોડ નિર્ધારિત સમયમાં પૂરી કરવા માટે ખાસ સ્ટ્રેટેજી અને ટાઈમ મેનેજમેન્ટ પણ શીખવવામાં આવે છે. આ ટ્રેનિંગ કેમ્પ સવારે ૫:૪૫ થી ૭:૪૫ કલાકે એલ.ઈ. ગ્રાઉન્ડ, મોરબી-૨ ખાતે તેમજ સાંજે ૪:૪૫ થી ૬:૪૫ કલાકે ક્રિષ્ના ગ્રાઉન્ડ, બાયપાસ રોડ, પંચાસર ચોકડી નજીક યોજાય છે. દર અઠવાડિયે ઉમેદવારોની પ્રગતિનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ સમગ્ર ટ્રેનિંગનું સંચાલન નિવૃત ઓનરરી સુબેદાર મેજર સહદેવસિંહ પી. ઝાલા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમને આર્મીમાં ૨૮ વર્ષનો બહોળો અનુભવ છે. આ ઉપયોગી ટ્રેનિંગ-કેમ્પની માહિતી વધુમાં વધુ જરૂરિયાતમંદ ઉમેદવારો સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ પક્ષના ૧૪૧મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ પક્ષના ૧૪૧મા સ્થાપના દિન નિમિતે ધ્વજ લહેરાવી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ પક્ષના ૧૪૧મા સ્થાપના દિનની અવસરે કોંગ્રેસ પક્ષનો ધ્વજ લહેરાવી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પક્ષના ઈતિહાસ, વિચારધારા અને લોકશાહી માટે આપેલા યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા તથા શહેર સ્તરના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને કોંગ્રેસ પક્ષની નીતિઓને વધુ મજબૂત બનાવવા અને જનસેવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

મોરબી મસ્તી સ્ટ્રીટમાં બાળકો રમ્યા લીંબુ ચમચી, કોથળા દાવ, લંગડી સહિતની જૂની રમતો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC@1 અન્વયે ઉજવણી સપ્તાહ ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે સરદારબાગ ખાતે મોરબી મસ્તી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું, આધુનિક સમયમાં બાળકો મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે, જેને છોડી એક દિવસ બાળકો જૂની રમતો રમતા થાય તેવા હેતુ સાથે મહાનગરપાલિકા એ મોરબી મસ્તી સ્ટ્રીટનું આયોજન કર્યું હતું.

મોરબી મહાનગરપાલિકાએ સફળતાપૂર્વક એક વર્ષ પરિપૂર્ણ કર્યું છે, જેના સંદર્ભે ઉજવણી સપ્તાહ MMC@1નું આયોજન કમિશનરના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યું હતું, આધુનિક સમયમાં બાળકો અને યુવાનો મોબાઇલ, વિડીયો ગેમ રમતા હોય છે, જૂની રમતોનું વર્ચસ્વ પ્રમાણમાં ઓછું થયું હોય જૂની રમતોને જીવંત કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા ઉજવણી સપ્તાહ દરમિયાન સરદાર બાગ ખાતે મોરબી મસ્તી Street કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં મોરબીના બાળકો-યુવાનો, શહેરીજનો ઉત્સાહપૂર્વક વિવિધ જૂની રમતોમાં બહોળા પ્રમાણમાં જોડાયા હતા, લંગડી, ધમાલિયો ઘોડો, કોથળા દાવ, આંધળો પાટો, ભમરડો, લીંબુ ચમચી સહિતની રમતો રમાડવામાં આવી હતી, બાળકો મોબાઈલ, ટેલિવિઝન, વિડીયો ગેમ્સથી દૂર અંગ કસરત અને જૂની રમતો તરફ પાછા વળે તેવા આશય સાથે મોરબી મસ્તી સ્ટ્રીટ કાર્યક્રમ યોજાયો હતો, આ કાર્યક્રમમાં મનપાના કમિશનર સ્વપ્નિલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા, નાયબ કમિશનર સંજય સોની ઉપસ્થિત રહ્યા હતા. તમામ જૂની રમતોમાં બાળકો સાથે તેઓ પણ જોડાયા હતા અને જૂની રમત રમતા બાળકોના ઉત્સાહમાં મનપાના અધિકારીઓએ વધારો કર્યો હતો.

મોરબી-જામનગરના ત્રણ ઘરફોડ ચોરીના ગુન્હામાં ૧૬ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડે દેવભૂમિ દ્વારકા જીલ્લામાંથી ૧૬ વર્ષથી નાસતો ફરતો ઘરફોડ ચોરીના આરોપીને પકડી પાડ્યો છે. પકડાયેલ આરોપી સામે મોરબી તથા જામનગર જીલ્લાના કુલ ત્રણ ઘરફોડ ચોરીના ગુન્હા નોંધાયેલા હતા.

મોરબી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ સતત પ્રયત્નશીલ હતી. આ દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડના હેડ કોન્સ. જયેશભાઈ વાધેલા, કોન્સ. બ્રિજેશભાઈ કાસુન્દ્રા તથા કૌશિકભાઈ મણવરને ખાનગી બાતમી મળી હતી કે, મોરબી જીલ્લાના ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા તથા જામનગર જીલ્લાના એ ડીવી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતો ફરતો આરોપી દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખેત મજૂરી કામ કરતો હોવાનું બહાર આવ્યું હતું. જેથી મળેલી ચોક્કસ અને ભરોસાપાત્ર માહિતીના આધારે પોલીસ ટીમ દેવભૂમિ દ્વારકા જીલ્લાના ખંભાળીયા તાલુકાના ભાતેલ ગામની સીમમાં પહોંચી તપાસ હાથ ધરી હતી. ત્યાંથી આરોપી જાડીયો ઉર્ફે રાજુ ઉર્ફે માનસીંગ સમરીયો સીંગાડીયા ઉવ.૪૫ રહે. વાગધારી ફળિયા ફુટતાલાબ તા. જોબટ જી. અલીરાજપુર (મધ્યપ્રદેશ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી છેલ્લા ૧૬ વર્ષથી પોલીસ પકડથી દૂર હતો. હાલ પકડાયેલ આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે ટંકારા પોલીસ સ્ટેશનને સોપી આપવામાં આવ્યો છે. આમ, મોરબી જીલ્લાના એક તથા જામનગર જીલ્લાના બે મળી કુલ ત્રણ ઘરફોડ ચોરીના ગુન્હામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડને સફળતા મળી છે.

હળવદના ગ્રામ્યમાં જમીન કૌભાંડના મુખ્ય આરોપીને પોલીસે ઝડપી લીધો

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ તાલુકામાં સરકારની જમીનના ખોટા રેવેન્યુ રેકોર્ડ બનાવી કૌભાંડ આચરવાના કેસમાં હળવદ પોલીસે મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે. જમીન કૌભાંડમાં સંડોવાયેલ ૯ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી જે પોલીસ પકડથી દૂર હતો તેને ઝડપી લેવામાં હળવદ પોલીસને સફળતા મળી છે. હાલ પોલીસે આરોપીની અટકાયત કરી આ કેસની વધુ કડીઓ જોડવા સઘન પૂછપાછ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, હળવદ મામલતદાર દ્વારા સરકાર તરફથી તા. ૦૮/૧૧/૨૦૨૫ના રોજ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેમાં કુલ ૯ આરોપીઓ વિરૂદ્ધ કોયભા, ઘનશ્યામપુર અને સુંદરીભવાની ગામોની સરકારની જમીનના રેવેન્યુ રેકોર્ડ ખોટા બનાવી આશરે ૩૦૦ વિઘા જમીન પોતાના નામે કરાવી લીધાનો ગુનો દાખલ થયો હતો. આ ગંભીર જમીન કૌભાંડમાં હળવદ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસ દ્વારા બાકી રહેલા આરોપીઓને ઝડપવા અલગ-અલગ ટીમો રચી સતત તપાસ અને બાતમી એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન જમીન કૌભાંડના મુખ્ય આરોપી રમેશ બબાભાઈ સાંકરીયા રહે. ગામ કોયભા તા. હળવદ વાળાને પકડી પાડવામાં આવ્યો હતો. આરોપી વિરૂદ્ધ હળવદ પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૧૨૦(બી) અને ૩૪ મુજબ ગુનો નોંધાયેલ છે. આરોપીની ધરપકડ બાદ હળવદ પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જામનગરના ગોકુલનગર અને શંકર ટેકરીમાંથી ૯ જુગારી ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેરમાં પોલીસે જુગાર સંબંધિત બે દરોડા પાડ્યા હતાં. જેમાં શહેરના ગોકુલનગર વિસ્તારમાંથી ત્રણ મહિલા સહિત છ શખ્સોને જ્યારે શંકરટેકરી વિસ્તારમાંથી ત્રણ શખ્સોને એમ કુલ મળી નવ જુગારીઓને ઝડપી લીધા હતાં. પોલીસે બન્ને દરોડામાં કુલ ૩૦ હજારની રોકડ જપ્ત કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.સિટી સી ડિવિઝન પોલીસે બાતમીના આધારે શહેરના ગોકુલનગર રામનગર શેરી નં.૩માં જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમી રહેલાં કાંતીભાઈ મોહનભાઈ કટેશીયા.ઉ.વ.૫૩, રહે.ગોકુલનગર નકુમ ટ્રેડર્સ વાળી ગલી રામનગર શેરી નં.૬ જામનગર, દિગ્વેશ લાલજી શાહ ઉ.વ.૨૬, રહે.હીરજી મીસ્ત્રી રોડ મંથન એપાર્ટમેન્ટ બ્લોક નં.૫ જામનગર.ભીમાભાઈ હમીરભાઈ ગોજીયા ઉ.વ.૪૨, રહે.ગોકુલનગર મુરલીધર પ્રાથના એપાર્ટમેન્ટ ફલેટ નં.૩ જામનગર.જયોતીબેન સામતભાઈ ભાટુ રહે.ગોકુલનગર રામનગર શેરી નં.૩ જામનગર. હેમલતાબેન પ્રદિપભાઈ કરમુર રહે.ગોકુલનગર શીવનગર શેરી નં.૨ હરીયા કોલેજ પાછળ જામનગર ઉષાબેન ચન્દ્રેશભાઈ કપુરીયા રહે.ગોકુલનગર મુરલીધર સોસાયટી શેરી નં.૩ જામનગર નામના ત્રણ મહિલા સહિત છ શખ્સોને રૂા.૧૭,૬૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.જ્યારે અન્ય એક દરોડામાં શંકરટેકરી વિસ્તારમાં બાપોટ ફળી ઉદ્યોગનગરમાં જાહેરમાં જુગાર રમી રહેલાં રવીરાજસિંહ વેલાભા રાઠોડ.ઉ.વ.૩૫, રહે.શંકર ટેકરી નવી નિશાળ પાસે, તાયાણી સાયકલવાળી ગલી જામનગર સોમાભાઈ ડાયાભાઈ રાઠોડ ઉ.વ.૪૪, રહે.શંકરટેકરી પંચશીલ ૪ જામનગર વસંત ચંદુભાઈ ચાંદ્રા નોંધાયેલ અ.મોતની નોંધ મુજબ, ચંદુલાલ રામસીંગભાઈ સારલા ઉવ.૫૮ રહે. જીનપરા ગૌશાળા રોડ વાંકાનેર વાળાને ગઈકાલ તા. ૨૮/૧૨/૨૦૨૫ના રોજ તેઓ તેમના ઘરે હોય ત્યારે તેઓને અચાનક ઉલ્ટી થયા બાદ બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે વાંકાનેર સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના ડોક્ટર દ્વારા જોઈ તપાસી ચંદુલાલને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે મૃત્યુના બનાવ મામલે અ.મોતની એન્ટ્રી કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરમાં ઉલ્ટી થયા બાદ અચાનક બેભાન થયેલ પ્રૌઢનું મોત

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર શહેરમાં ઉલ્ટી થયા બાદ અચાનક બેભાન થયેલા ૫૮ વર્ષીય પ્રૌઢનું સારવાર દરમ્યાન મોત થયું છે. હાલ વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી, આગળની તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં

જામનગરના ગુરુદ્વારામાં શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ લંગર પ્રસાદમાં સેવા આપ્યા બાદ પ્રસાદ પણ લીધો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ગુરૂદ્વારા માં છેલ્લા એક સપ્તાહ થી વીર બાલ દિવસની ઉજવણી થઈ રહી છે, અને ગુરૂદ્વારા નજીક સુભાષ બ્રિજ નીચે વીર બાલ દિવસ ને અનુરૂપ ડોક્યુમેન્ટરી દર્શાવાઈ રહી છે, સાથો સાથ ચાર સાહીબઝાદાઓના કર્ટીંગ મુકવામાં આવ્યા છે, જ્યાં.ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા જોડાયા હતા, અને ડોક્યુમેન્ટ્રી નિહાળ્યા બાદ સેલ્ફી પડાવી હતી. ત્યારબાદ ગુરૂદ્વારામાં લંગર પ્રસાદનું આયોજન કરાયું હતું, જ્યાં પણ તેઓ જોડાયા હતા, અને

તમામ ભક્તોને લંગરપ્રસાદ માં પ્રસાદીનું વિતરણ કરીને સેવા આપી હતી, અને તેઓ સેવાદાર બન્યા હતા. ત્યાર-બાદ તમામની સાથે તેઓએ પણ કતારમાં બેસીને લંગર પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

રાજકોટ ડિવિઝનના ભક્તિનગર સ્ટેશનનો થઈ રહ્યો છે કાયાકલ્પ, 'અમૃત ભારત યોજના' અંતર્ગત મળશે વિશ્વસ્તરીય સુવિધાઓ

૨૬.૮૦ કરોડના ખર્ચે સૌરાષ્ટ્રનું અગ્રણી ઔદ્યોગિક રેલવે કેન્દ્ર સુસજ્જ બની રહ્યું છે

મુખ્ય સમાચાર, રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા માળખાગત સુવિધાઓને મજબૂત કરવાની દિશામાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, રાજકોટ શહેરની મધ્યમાં આવેલ ભક્તિનગર સ્ટેશનનો વ્યાપક કાયાકલ્પ કરવામાં આવી રહ્યો છે. સૌરાષ્ટ્રના પ્રમુખ ઔદ્યોગિક કેન્દ્રમાં સ્થિત હોવાને કારણે આ સ્ટેશન આ વિસ્તારની આર્થિક અને સામાજિક જીવાદોરી સમાન માનવામાં આવે છે.ભકિતનગર રેલ્વે સ્ટેશનને નવો લુક મળતા એરપોર્ટ જેવી રોનક જોવા મળી રહી છે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કુલ રૂ.૨૬.૮૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે (સ્ટેશન વિકાસ માટે રૂ.૧૧.૮૧ કરોડ અને ફૂટ ઓવર બ્રિજ માટે રૂ.૧૪.૯૯ કરોડ). દરરોજ સરેરાશ ૪,૭૦૦ મુસાફરોની અવરજવર ધરાવતા આ સ્ટેશનનું આધુનિકીકરણ મુસાફરો માટે વિશ્વસ્તરીય પ્રવાસનો અનુભવ સુનિશ્ચિત કરશે. આ વિકાસથી માત્ર રેલવે પ્રવાસને પ્રોત્સાહન મળશે અને મુસાફરોની અવરજવરમાં વધારો થશે એટલું જ નહીં, પરંતુ બહેતર પરિવહન સુવિધાઓને કારણે સ્થાનિક અર્થતંત્રને પણ નવી ઊર્જા મળશે.

ભક્તિનગર સ્ટેશન પર અત્યાર સુધી પૂર્ણ થયેલ કાર્યોની વિગતો જોતા પ્લેટફોર્મ અપગ્રેડેશન પ્લેટફોર્મ નંબર ૧ પર કોટા સ્ટોન ફ્લોરિંગ અને પ્લેટફોર્મ નંબર ૧, ૨ અને ૩ પર વધારાના નવા કવર શેડ લગાવવામાં આવ્યા છે.૮,૬૦૦ ચોરસ ફૂટમાં સ્ટેશન બિલ્ડિંગનું અપગ્રેડેશન અને ૨,૭૬૦ ચોરસ ફૂટનો વિશાળ કોનકોર્સ હોલ.

એસીપી ક્લેડિંગ સાથે સ્ટેશન બિલ્ડિંગને નવો લુક આપવામાં આવ્યો છે. સાથે જ સરળ ટ્રાફિક માટે અલગ-અલગ પ્રવેશ અને નિકાસ દ્વાર બનાવવામાં આવ્યા છે.સુવિધાયુક્ત પ્રતિક્ષાલય મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ વાતાનુકૂલિત એસી વેઈટિંગ રૂમ, આધુનિક ટઈક રૂમ અને અદ્યતન સ્વચ્છતા સુવિધાઓ મળી છે.

આ ઉપરાંત હરિયાળું અને સુંદર સંકુલ જેમા મુસાફરો માટે ૨૫,૬૮૫ ચોરસ ફૂટમાં વિસ્તૃત ગાર્ડન અને સર્ક્યુલેટિંગ એરિયામાં ટેન્સાઈલ રૂફ પોર્ચનું નિર્માણ. ફોર-વ્હીલર, ટુ-વ્હીલર અને દિવ્યાંગ મુસાફરો માટે બહેતર પાર્કિંગ વ્યવસ્થા.

આધુનિક સાઈનેજ અને વે-ફાઈન્ડિંગ સિસ્ટમ.બહેતર લાઈટિંગ અને વેન્ટિલેશનની વ્યવસ્થા.મહિલા અને પુરુષ મુસાફરો માટે દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓ ધરાવતા આધુનિક મોડ્યુલર શૌચાલયોનું નિર્માણ.અવિરત પાણી પુરવઠા માટે ૧ લાખ લિટરની ક્ષમતાનો અંડરગ્રાઉન્ડ વોટર સંપ અને ૫૦,૦૦૦ લિટરની ઓવરહેડ આરસીસી ટાંકી.

દિવ્યાંગજનો માટે સમગ્ર સ્ટેશન પરિસરમાં રેમ્પ, ટેક્ટાઈલ ટાઇલ્સ અને સમર્પિત પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોની સરળ અવરજવર માટે ૧૨ મીટર પહોળો મુખ્ય FOB (રાજકોટ સાઈડ) નિર્માણાધીન છે, જે ૪ આધુનિક લિફ્ટથી સજ્જ હશે. બીજો ૩.૬૬ મીટર પહોળો વધારાનો ફૂટ ઓવર બ્રિજ (વેરાવળ સાઈડ) નિર્માણાધીન છે, જે ૨ આધુનિક લિફ્ટથી સજ્જ હશે.કરવા માટેની કામગીરી આગળ ધપી રહી છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા મુજબ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ભક્તિનગર સ્ટેશનનો આ પુનવિકાસ મુસાફરો માટે સુગમતા અને ગૌરવપૂર્ણ પ્રવાસનો નવો માપદંડ સ્થાપિત કરશે. સ્ટેશન પર ભીડ ઓછી થવાથી માત્ર સમયની બચત થશે એટલું જ નહીં, પરંતુ આધુનિક માહિતી પ્રણાલી અને બહેતર લાઈટિંગથી સુરક્ષાનું વાતાવરણ પણ મજબૂત થશે.

વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ આ સ્ટેશન વડીલો, બાળકો અને દિવ્યાંગજનો માટે મુસાફરી વધુ સુલભ બનાવશે. આ સ્ટેશન રાજકોટ શહેર અને સૌરાષ્ટ વિસ્તારના સામાજિક-આર્થિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવશે અને વધુમાં વધુ લોકોને રેલવે પ્રવાસ માટે પ્રોત્સાહિત કરશે.

ઉપલેટાનાં પ્રાંસલા ખાતે વેદિક મિશન ટ્રસ્ટ દ્વારા ૨૬મી રાષ્ટ્રકથાનો પ્રારંભ

કેરળનાં રાજ્યપાલશ રાજેન્દ્ર વિશ્વનાથજી અને કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિ

મુખ્ય સમાચાર, રાજકોટ

ઉપલેટા તાલુકાના પ્રાંસલા ખાતે શરૂ કરાયેલ ૨૬મી રાષ્ટ્રકથાનાં પ્રારંભ પ્રસંગે કેરળનાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથજી અને કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા રાષ્ટ્રકથામાં સહભાગી બન્યા હતાં. ધર્મબંધુજી પ્રેરિત રાષ્ટ્રકથાનાં પ્રારંભે કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કહ્યું હતું કે, ભારતભરથી આવેલા બાળકો અહીં મીની ભારતરૂપે મળે છે. આપણને મળેલી આ એક સુવર્ણ તક છે, અહીં કાશ્મીરથી કન્યાકુમારી સુધીના બાળકો જીવનની શિક્ષા મેળવવા સહભાગી બને છે. આ તકે દરેક બાળકને બે સંકલ્પ લેવા મંત્રીએ આહ્વાન કર્યું હતું. જેમાં દરેક બાળક અન્ય રાજ્યોમાંથી આવેલા પાંચ બાળકો સાથે મિત્રતા કેળવી આજીવન મિત્રતા નિભાવવાનો સંકલ્પ કરે તેમજ રાષ્ટ્રકથા દરમિયાન ડાયરી રાખી, દિવસ દરમિયાન મળતા જ્ઞાનને ડાયરીમાં નોંધવા અપીલ કરી હતી, આ ડાયરી જીવનપથમાં ઉપયોગી બનશે તેમ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કહ્યું હતું. તેમણે વિકસિત ભારતનાં નિર્માણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને આ અવસરે યાદ કરી વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધવા સુચન કર્યું હતું.

કેબિનેટ મંત્રીએ કહ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નાં યુગમાં આપણે સતત કંઈક ને કંઈક શીખતા રહેવું જોઈએ. ટેકનોલોજીના યુગમાં તમારી હરિફાઈ તમારી પોતાની સાથે જ છે ત્યારે અહીં રાષ્ટ્રકથામાં જીવન ઉપયોગી શિક્ષણ મળશે. મંત્રીએ દરેક વિદ્યાર્થીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવી વિકસિત ભારતના યોદ્ધા બનવા અપીલ કરી હતી.

વેદિક મિશન ટ્રસ્ટનાં ધર્મબંધુજીએ આ તકે સંસ્થાનો પરિચય આપી સંસ્થા દ્વારા થતા કાર્યો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે સંવિધાન, વિજ્ઞાન અને ટેકનોલોજી, રાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક સમરસતા તેમજ નાગરિક કર્તવ્ય અંગે વિચાર રજૂ કરી જાગૃત અને જવાબદાર નાગરિક રાષ્ટ્રની સંપત્તિ છે તેમ કહ્યું હતું. ભારત યુવાનોનો દેશ છે, દેશમાં પ્રતિભા, આકાંક્ષા અને ઉર્જા છે. આ ઉર્જાનાં ઉપયોગથી વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવાનો છે તેમ ધર્મબંધુજીએ ઉમેરી દરેક નાગરિકે નિષ્ઠાથી પોતાની ફરજ બજાવવા અપીલ કરી હતી.

આ તકે આસામ રાયફલનાં લેફ્ટેનન્ટ જનરલશ્રી વિકાસ લખેરા સહિત સુરક્ષા દળોનાં અધિકારીઓ, જવાનો, દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

જંગલેશ્વરના દબાણકારોનું હિયરિંગ શરૂ: જંત્રી પ્રમાણે મકાન કાયદેસર કરી આપવાની માંગ

તસ્વીર : ગૌરવ લશ્કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં આજી નદીના કાંઠે રિવરફ્રન્ટ બનાવવા માટે સરકારી જમીન પરના ૧૩૫૦ જેટલા દબાણો દૂર કરવા માટેની નોટિસ આપવામાં આવી હતી. જેમાં આજે પ્રથમ દિવસે ૫૯૦ મિલકત ધારકોને હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા છે. જેઓની માંગણી છે કે જંત્રી પ્રમાણે મકાન અને દુકાન કાયદેસર કરી આપવામાં આવે અને ઘરની છત છીનવવામાં ન આવે. જો અમારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી ૧૦ જાન્યુઆરીના આવનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

અમદાવાદના ઉડાન સીનીયર સીટીઝન ગ્રુપ દ્વારા ખાટૂશામ તેમજ પુષ્કરનો પ્રવાસ યોજાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

અમદાવાદમાં નિસ્વાર્થ ભાવે કાર્ય કરતા ઉડાન સીનીયર સીટીઝન ગ્રુપ દ્વારા તાજેતરમાં સભ્યો ભાઇ-બહેન માટે ખાટૂશામ, પુષ્કર, નાથદ્વારા, સાવરીયા શેઠ તેમજ જયપુરનો ચાર દિવસનો પ્રવાસ યોજાયો હતો. જેમાં ૨૦ ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. નોંધનીય છે કે, ઉડાન સીનીયર સીટીઝન ગ્રુપમાં સભ્ય થવા માટે કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી. આ ગ્રુપમાં હાલ ૨૦૦થી વધુ સમગ્ર ભારતભરમાંથી સભ્યો જોડાયેલા છે. આ પ્રવાસને સફળ બનાવવા સંસ્થાના વાસુદેવભાઇ પટેલ, પ્રદીપભાઇ શુકલ, બાબુભાઇ ચૌધરી તેમજ જીજ્ઞાબેન અગ્રવાલ સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

ધ્રાફા ગામની સીમમાં વાડીના મકાનમાં ચાલતા જુગારધામ પર એલસીબીનો દરોડો: ૮.૯૫ લાખની મતા સાથે ૬ આરોપીઓને અટકાયત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં.જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામની સીમમાં એક વાડીમાં જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો, જે દરમિયાન ભારે નાસભાગ થઈ હતી. એલસીબીની ટુકડીએ ૬ આરોપીઓને ઝડપી લઈ અને રૂપિયા ૮.૯૫ લાખની માલમતા કબજે કરી છે, જ્યારે અન્ય ૧૧ આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તેઓને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામની બોરીયા-બંધીયા નામની સીમમાં ગઈ રાત્રે જુગાર અંગે દરોડો પાડ્યો હતો. જ્યાં જયરાજસિંહ ઘનશ્યામસિંહ જાડેજા રહે.ધ્રાફાગામ તા.જાજોધપુર.વાળો તેના મીત્ર પ્રકાશભાઈ બહાદુરભાઈ બરડાઈ રહે.પોરબંદર વાળા સાથે મળીને જયરાજસિંહ ધનશ્યામસિંહ જાડેજાની કબ્જા ભોગવટાની વાડીના ખેતરમાં આવેલ ઓરડીમાં બહારથી માણસો ભેગા કરી અંદર બહારના નામે ગંજીપાના વડે જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી પોતાના અંગત ફાયદા સારું નાલના પૈસા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવી રહ્યા હોવાની બાતમીના આધારે દરોડો પાડયો હતો, જે દરમિયાન ભારે નાસભાગ થઈ હતી.પોલીસે બનાવના સ્થળેથી પ્રકાશભાઈ બહાદુરભાઈ બરડાઇ રાણાવાવ.કેશુભાઇ વજેશીભાઈ આગઠ પોરબંદર. દિવ્યેશભાઇ નારણભાઈ વાજા પોરબંદર.રવિભાઇ

શાંતીલાલભાઈ નડીયાધાર પોરબંદર.મનિશભાઈ ડાયાભાઈ વકાતર જામજોધપુર અને (૬) મહાવિરસિંહ અનીરૂધ્ધસિંહ જાડેજા ધ્રાફાગામની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડા રૂ.૧,૧૦,૦૦૦તથા મોબાઈલ ફોન નં-૭ કિ.રૂ.૮૫,૦૦૦, તથા એક કાર અને બે મોટર સાયકલ કિ.રૂ.૭,૦૦,૦૦૦.મળી કુલ કિ.રૂ.૮,૯૫,૦૦૦નો મુદામાલ કબજે કર્યો છે.આ દરોડા સમયે.જયરાજસિંહ ધનશ્યામસિંહ જાડેજા રહે.ધ્રાફા.નિલેશભાઈ ભુતીયા મેર પોરબંદર રાજુભાઈ મોઢવાળીયા પોરબંદર અરજણ ઉર્ફે ભુરો બાપોદરા કોટડાગામ, કુતીયાણા કિશનભાઈ પોરબંદર કેશુભાઈ ઓડેદરા કુતીયાણા ઈરફાન મુસ્લીમ.ચોરબેડીગામ.લાલપુર. રામદેભાઈ રાણાભાઈ ઓડેદરા પોરબંદર.દાસાભાઈ જુનાગઢ.અશોકભાઈ જુનાગઢ.રાઠોડભાઈ ખાપટ વિસ્તાર પોરબંદર વાળા વગેરે ભાગી છુટ્યા હોવાથી તેઓને ફરાર જાહેર કર્યા છે.

મોરબીમાં ગ્લોબલ વેદાંત સ્કૂલ ખાતે વીર બાલ દિવસ અન્વયે વિશેષ પ્રદર્શનનું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

ભારતમાં વર્ષ ૨૦૨૨ થી દર વર્ષે ૨૬ ડિસેમ્બરના રોજ વીર બાલ દિવસ ઉજવવામાં આવે છે. શીખ ધર્મના દસમા ગુરુ શ્રી ગુરુ ગોબિંદસિંહજીના બે નાના પુત્રો સાહિબજાદા જોરાવર સિંહજી (ઉંમર ૯ વર્ષ) અને સાહિબજાદા ફતેહ સિંહજી (ઉંમર ૬ વર્ષ)ના અદ્ભુત શૌર્ય, ધૈર્ય અને સર્વોચ્ચ બલિદાનની સ્મૃતિમાં આ દિવસ ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે મોરબીમાં ગ્લોબલ વેદાંત સ્કૂલ ખાતે ખાસ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનની જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ મુલાકાત લઈ બાળકોને આ વીર બાળકોમાંથી દેશપ્રેમ, નૈતિક મૂલ્યો, ધર્મનિષ્ઠા અને બલિદાનની ભાવના વિકસાવી તે માટે પ્રેરણા અપનાવવા જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું હતું કે, આ દિવસ માત્ર શીખ સમુદાય માટે જ નહીં, પરંતુ દેશભરના લોકો માટે સત્ય, ન્યાય અને ધાર્મિક મૂલ્યો માટે અડગ રહેવાની પ્રેરણા આપે છે.

બાળકોએ ઉત્સાહપૂર્વક આ પ્રદર્શનની મુલાકાત લઈને પ્રેરણા મેળવી હતી અને વીર બાલના શૌર્ય અને બલિદાનને યાદ કર્યા હતા.

જામનગરમાં આણંદાબાવા સેવા સંસ્થાની વધુ એક સેવા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેરમાં આણદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજી મહારાજની પ્રેરણાથી આણદાબાવા મહિલા વૃદ્ધાશ્રમની સ્થાપના તા.૧૬ નવેમ્બર ૧૯૭૭માં કરવામાં આવી હતી. જેમાં સંસ્થાને અત્યાર સુધીમાં ૫૫૬ માતાઓની સેવા કરવાનો અવસર મળ્યો છે. હાલ સંસ્થામાં ૬૦વર્ષથી લઈને ૯૨ વર્ષ સુધીના ૩૦થી વધુ માતાઓ રહે છે અને તેમની સંપૂર્ણ જવાબદારીમાં રહેવું, જમવું, દવા, વસ્ત્ર વગેરે સંસ્થા પુરી પાડી રહી છે. ત્યારે હવે વૃદ્ધાશ્રમની જગ્યાએ વિશ્રામ ગૃહનું ૧લી જાન્યુઆરીએ લોકાર્પણ કરવામાં આવશે તેમ આણંદબાવા સેવા સંસ્થાના પ્રમુખ મહંત દેવીપ્રસાદ મહારાજે પત્રકારોને જણાવ્યું હતું.પત્રકાર પરિષદમાં મહારાજ દેવીપ્રસાદજીએ વિશેષમાં માહિતી આપી હતી કે જામનગર શહેરમાં આણદાબાવા સેવા સંસ્થા દ્વારા નવું વૃદ્ધાશ્રમ બનાવવામાં આવ્યું છે. આ વૃદ્ધાશ્રમમાં માતાઓને અટેચ બાથરૂમ ટોઇલેટની સારી સુવિધા મળશે અને ૨૪ રૂમોમાં એક રૂમમાં બે માતાઓ રહી શકે એટલે હવે કુલ ૪૮ માતાઓ રહેવાની સુવિધા છે. આજના સમયમાં આવી રહેલા માતાઓની શારીરીક ક્ષમતાને ધ્યાનમાં રાખી આ નવું વૃદ્ધાશ્રમ બનાવવામાં આવ્યું છે.અને તેનું નામ વિશ્રામ ગૃહ રાખવામાં આવ્યું છે. કોંગો નિવાસી કેતનભાઈ, દીતીબેન તથા કોટેચા પરીવારે તેમા માતા કુમુદબેન રમણીકલાલ કોટેચાની સ્મૃતિમાં આ સેવા પ્રકલ્પનો સ્વીકાર્યો છે.વિશ્રામ ગુહ નામ શા માટે આપ્યું તે અંગે મહારાજ દેવીપરસાદજીએ કહ્યુ કે લગ્નજીવનના ૫૦ વર્ષ પૂરા કરનાર પતિ પત્નીને સન્માનિત કરવામાં આવેલ તે સમયે એક મહિલાએ પોતના માટે રહેવાની સુવિધા મળે તેવું સ્થળ ઉભું કરવા સૂચન કરેલ હતું.જે ત્યાં ઘરેથી આવીને વિશ્રામ લઈ શકે. જે સુચનને લઈ વિશ્રામગુહ નામ રાખ્યું છે.વર્તમાન સમયમાં નવજાત શિશુઓના પ્રશ્નોએ પરિવારજનો હાલ ચિંતાનો વિષય બન્યો છે.

અનેક માતાઓએ પોતાના આવનાર બાળક શાંત અને સંસ્કારી બને તેં અંગે આણંદાબાવા સેવા સંસ્થા દ્વારા આગામી સમયમાં ડો.હિતેષ જાની ના માગરદર્શન હેઠળ ગર્ભ સંસ્કાર કેન્દ્ર કાર્યરત કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ મહારાજ દેવીપ્રસાદજી જાહેરાત કરી હતી.આ કેન્દ્રમાં કોઈપણ મહિલાઓ આવીને પોતના આવનાર બાળકી કાળજી લઈ શકશે.વિનામૂલ્ય પોષણસમ આહાર સહિતની વિવિધ સુવિધાઓ ડોકટરના માર્ગદર્શનની સેવા પૂરી પાડવામાં આવશે.આમ જામનગરમાં સેવાકિય પ્રવૃત્તિમાં આણંદાબાવા સેવા સંસ્થાનું વધુ એક પીછું ઉમેરાશે.આ પત્રકાર પરિષદમાં સંસ્થાના ટ્રસ્ટી કિશોરભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા.નવા વૃદ્ધાશ્રમમાં એટલે કે વિશ્રામ ગુહમાં વૃદ્ધો માટે લિફ્ટની સુવિધા કાર્યરત કરેલ છે. દરેક રૂમોમાં ટીવી,એ.સી, સાથે ઈન્ટરકોમ ફોન સેવા મળશે.તેમજ મેડીકલ રૂમની વ્યવસ્થા, કેમ્પસમાં સંત્સગ માટે હોલ અને મંદિર આવેલ છે. એ જ બિલ્ડિંગમાં ભોજનશાળાની વ્યવસ્થા રહશે.બિલ્ડીંગમાં ફાયર સેફટી કેમેરાથી સુસજ્જ રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ ''સ્વદેશી રન''માં શહેરીજનોનો બહોળો પ્રતિસાદ મળ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજ્ય સરકાર દ્વારા વર્ષ૨૦૨૫ને ''શહેરી વિકાસ વર્ષ'' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સ્થાનિક કારોગરોને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશ્યથી સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદકોને પ્રોત્સાહન આપી 'લોકલ ફોર વોકલ'ની વિભાવનાને પ્રાધાન્ય આપી, 'મેક ઇન ઈન્ડિયા' તેમજ વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવી પહેલને આગળ વધારી આત્મનિર્ભર ભારત થકી વર્ષ૨૦૪૭માં વિકસિત ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરવા શહેરીજનોમાં હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની ભાવનાને પ્રોત્સાહિત

કરી, દેશદાઝને પ્રગટ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રવિવાર રોજ સવારે ૬:૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે ''સ્વદેશી રન'' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને રાજકોટ મહાનગરપાલિકા મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.

નાના બાળકોથી લઈને વડીલો ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં શિકાગોથી આવેલ નાગરિક અને EVERESTERNISHAKU-MARI પણ ''સ્વદેશી રન''માં જોડાયા હતા. માઉન્ટ એવરેસ્ટ સર કરી ચૂકેલા, વડોદરાથી લંડન સુધીની સાઈકલ યાત્રા કરનાર અને સતત ૧૨ કલાક દોડવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવતા વડોદરાના વિશ્વ વિખ્યાત એથ્લેટ નીશાકુમારી હાલ અરૂણાચલ પ્રદેશથી મુન્દ્રા કચ્છ સુધીની સાઈકલ યાત્રાએ છે. તેઓ પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ''સ્વદેશી રન''માં જોડાયા હતા.

આકાશમાં સર્જાશે આતશબાજી : 'ક્વોડરેન્ટીડ્સ' ઉલ્કાવર્ષા નિહાળવા ગુજરાતભરમાં વિજ્ઞાન જાથા સજ્જ



દ્વારકાથી લઈને બિલીમોરા સુધીના નાના-મોટા નગરોમાં મધ્યરાત્રિએ ખગોળપ્રેમીઓ ઉમટશે; જાથાના સદસ્યો અને NSSના છાત્રો અવકાશી અજાયબીના સાક્ષી બનશે

મુખ્ય સમાચાર, રાજકોટ

આગામી દિવસોમાં આકાશમાં 'ક્વોડરેન્ટીડ્સ' ઉલ્કાવર્ષાનો અદભૂત નજારો જોવા મળનાર છે. આ ખગોળીય ઘટનાને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી નિહાળવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે 'ભારત જન વિજ્ઞાન જાથા' દ્વારા ગુજરાતભરમાં વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

આ અવકાશી આતશબાજીને નિહાળવા માટે વિજ્ઞાન જાથાએ દ્વારકા, બોટાદ, અરવલ્લી, છોટા ઉદેપુર, ગીર સોમનાથ, તાપી, બિલીમોરા, બારડોલી, બોડેલી, ચીખલી, ડભોઈ, ધરમપુર, ધ્રાંગધ્રા, દાંતા, તિથલ, વાવ, ઠાસરા અને થરાદ જેવા અનેક નાના-મોટા નગરોમાં તૈયારીઓ આરંભી દીધી છે. મધ્યરાત્રિથી લઈને પરોઢ સુધી ચાલનારા આ ખગોળીય દર્શન માટે વ્યવસ્થાતંત્રને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં જાથાના અગ્રણીઓ નિર્ભય જોશી, રાજુ યાદવ, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, પ્રકાશ મનસુખભાઈ અને ભાનુબેન ગોહિલ માર્ગદર્શન આપશે. આ ઉપરાંત, વિવિધ સ્થળોએ ચાલી રહેલા એન.એસ.એસ. કેમ્પના છાત્ર-છાત્રાઓ અને ખગોળ રસિયાઓ મોટી સંખ્યામાં આ ઉલ્કાવર્ષાનો નજારો માણી વૈજ્ઞાનિક સમજ મેળવશે. ખગોળીય ઘટનાઓને લઈને સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને ડર દૂર થાય તેમજ યુવા પેઢીમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ વધે તેવા ઉમદા હેતુથી જાથા દ્વારા આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

મવડીના અર્જુન જ્વેલર્સના કેશીયરે ગ્રાહકો સાથે સ્કીમના નામે લલચ આપી બોગસ વાઉચર બનાવી રૂ.૧.૯૯ કરોડની કરી ઠગાઇ

પોલીસે ગુનો નોંધી કેશીયરને સકંજામાં લીધોઃ ગ્રાહકો પાસેથી સોનાના દાગીના પેટે રૂા. ૧,૭૪,૧૦,૦૦૦ રોકડા લઇ લીધા અને અલગ અલગ સમયે રૂા. ૨૫.૫૭ લાખનું સોનુ ચોરી લીધુંઃ મુદ્દામાલ કબ્જે કરવા કવાયત

મુખ્ય સમાચાર, રાજકોટ

નાના મવા મેઇન રોડ સાકેત પાર્ક-૨માં રહેતાં અને નાના મવા રોડ ઉપર અર્જુન જ્વેલર્સ પ્રા.લિ. નામનો શો રૂમ ધરાવતાં પટેલ મનિષભાઇ નથુભાઇ ધાડીયા (ઉ.વ.૪૦)ની ફરિયાદ પરથી તેના જ શો રૂમમાં કેશીયર તરીકે નોકરી કરતાં ૧૫૦ રીંગ રોડ બાલાજી હોલ પાસે વલ્લભ વિદ્યાનગર સોસાયટી-૩ વસુંધરા મકાનની સામે રહેતાં મુળ બોરસદના વતની હિતષ શૈલેષભાઇ પરમાર વિરૂધ્ધ રૂા. ૧,૯૯,૬૭,૮૦૦ની ઉચાપતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મનિષભાઇ ધાડીયાએ જણાવ્યું છે કે હું પરીવાર સાથે રહું છું અને મારે મવડી રોડ ઉપર તથા નાના મવા રોડ ઉપર તથા જામનગરમાં અર્જુન જવેલર્સ નામે સોના ચાંદીના દાગીનાના શો રૂમ આવેલા છે, ત્યાં બેસી વેપાર કરુ છું. જે પૈકી નાના મવા રોડ ઉપર અર્જુન જવેલર્સ પ્રાઇવેટ લીમીટેડ નામનો શો રૂમ આવેલ ત્યાં હિતેષ શૈલેષભાઇ પરમાર જે હાલ રાજકોટ ભાડેથી રહે છે અને મુળ આણંદના બોરસદનો વતની છે તેને તા. ૧૨-૦૮-૨૦૨૨થી કેશીયર તરીકે નોકરી ઉપર રાખ્યો હતો. ત્યારબાદ આ શો રૂમમાં ત્રણ વર્ષથી વધારે સમય સુધી નોકરી પર ચાલુ રહેતા શો રૂમના નિયમ મુજબ અનુભવના આધારે કેશીયરના હેડ તરીકેની જવાબદારી સોપેલી ત્યાર-બાદ તા ૨૬-૧૨-૨૦૨૪થી હિતેષ પરમારને મવડી રોડ ઉપર આવેલ અર્જુન જવેલર્સમાં કેશીયર હેડ તરીકે બદલી કરી હતી. તે જરૂરીયાત મુજબ કંપનીની અલગ અલગ બ્રાન્ચમાં કાર્યભાર સંભાળતા હતા અને પોતાના વાકચાતુર્યથી વિશ્વાસ કેળવી કે કંપનીના મોબાઇલમાંથી ડાયરેક્ટ કસ્ટમરોનો સંપર્ક કરીને તેમનો પણ વિશ્વાસ જીતી લીધો હતો.

દરમિયાન તા ૧૭-૦૭-૨૦૨૫ના રોજ અમોએ અર્જુન જવેલર્સના નામથી જામનગરમાં પણ બ્રાન્ચ ખોલેલ હોઇ અને હિતેષ પરમારનુ ડેપ્યુટેશન જામનગર બ્રાન્ચ ખાતે કરેલ અને ત્યાં પણ હિતેષને કેશીયર તરીકે રાખેલ હતો અને વિશ્વાસુ માણસ તરીકે સંપુર્ણ જવાબદારી સોપેલ હતી. ત્યારબાદ તેમની ગેરવર્તણુકને કારણે તા ૦૫-૦૮-૨૦૨૫ થી નોકરીમાંથી છુટા કરેલ હતા. હિતેષ પરમારને છુટો કર્યાના અઠવાડીયા બાદ તા ૧૨-૦૮-૨૦૨૫ના રોજ એક ગ્રાહક ઇશાબેન સોરઠીયા મવડી ખાતે આવેલ અર્જુન જવેલર્સના શો રૂમ ખાતે આવેલા અને મને વાત કરેલ કે મે હિતેષ પરમાર પાસે મેં ડિસેમ્બર ૨૦૨૪ થી તા ૨૦-૦૫-૨૦૨૫ સુધીમાં કટકે કટકે રૂપિયા ૪૫,૪૦,૦૦૦ સોનાના બિસ્કીટ લેવા પેટે ડીપોઝીટ તરીકે જમા કરાવ્યા છે અને હિતેષએ મને કહેલ કે છ માસની સ્કીમ મુજબ તમને ૬ સોનાના બિસ્કીટ ૪૦૦ તથા ૨૦૦ થઇને કુલ ૬૦૦ ગ્રામ છ મહિના બાદ મળશે તેમ જણાવેલ હતું.

ઇશાબેને વધુમાં કહેલું કે-હિતેશે મને એક ઓર્ડર વાઉચર ફોર્મ આપેલ જેમાં રિમા કેસમાં ૬૦૦ ગ્રામ સોનુ જમા છે તેવો ઉલ્લેખ કરેલ ઓર્ડર વાઉચર આપેલ છે. તેમ વાત કરતા તે વાઉચર લઇ મે મારી સિસ્ટમમાં ચેક કરતા ઇશાબેન સોરઠીયાના રૂ. ૪૫,૬૦,૦૦૦ જમા થયેલ ન હતા. જેથી આ ઇશાબેન સોઠીયાએ જે સોના નો ઓર્ડર આપેલ અને તેના બદલામાં અમારી શો રૂમનુ વાઉચર હિતેષ પરમારે આપેલ તે ખોટુ ઉભુ કરવામાં આવેલ હોવા નુ જાણવા મળેલ હતુ

ત્યારબાદ એ જ દિવસે બીજા એક ગ્રાહક અંકીતાબેન રૈયાણી પણ મવડી ખાતે અર્જુન જ્વેલર્સ શો રૂમે આવેલા અને મને વાત કરેલ કે મે હિતેષ પરમારને તા ૨૩-૧૦-૨૦૨૪ના રોજ સોનાના દાગીના ખરીદવા પેટે રૂ ૨૦,૦૦,૦૦૦ રોકડા તથા ત્યરાબાદ અલગ અલગ તારીખે રોકડા રૂપિયા એક કરોડ જમા કરાવેલ છે અને આ હિતેષભાઇએ મને ૫૦૦ ગ્રામ સોનુ આપેલ છે અને હિતેષ પરમાર પાસેથી મારે હજુ ૪૫૦ ગ્રામ સોનુ લેવાનુ બાકી છે જે બાબતનુ અર્જુન જ્વેલર્સ પ્રાઇવેટ લીમીટેડ નામનુ વાઉચર બનાવી આપેલ છે જે મને અસલ વાઉચર બતાવતા તેમાં હિતેષ પરમારની તારીખ સાથેની સહી હતી. જેથી મે આ બાબતે અમારા જ્વેલર્સમાં સિસ્ટમમાં ચેક કરતા તે પણ હિતેષ પરમાર દ્વારા ખોટુ વાઉચર ઉભુ કરેલ હોવાનુ જાણવા મળેલ હતુ.

ત્યારબાદ અમારા મવડી શો રૂમના સીસીટીવી કેમેરા ચેક કરતા જેમાં તા ૨૧-૦૫-૨૫ના સાંજના સાત વાગ્યાથી નવેક વાગ્યાના અરસામાં હિતેષ પરમાર અમારા શો રૂમમાંથી ૪૫૦ ગ્રામના સોનાના બિસ્કીટનું પાઉચ ૧૦૦ ગ્રામના ૪ તથા ૫૦ ગ્રામનુ ૧ તેના પેન્ટના ખિસ્સામાં મુકીને લઇ જતો જોવા મળ્યો હતો. આ હિતેષ પરમારે અમારા શો રૂમમાંથી સોનુ લઇ ગયેલ છે પરંતુ અંકીતાબેનને આપેલ નહોતું.

ત્યારબાદ ઓગષ્ટ-૨૦૨૫માં એક ગ્રાહક ચીરાગભાઇ વલ્લભભાઇ ખુંટ રહે રાજકોટ મારા શો રૂમ ખાતે આવેલા અને મને વાત કરેલ કે હુ તથા મારા બહેન જીગ્નાબેન ગઇ તા ૨૯-૦૧-૨૦૨૫ના રોજ તમારા મવડીના શો રૂમ ખાતે આવેલ હતા અને અમારે સોનાનુ બિસ્કીટ ખરીદવુ હોય હુ અને મારા બહેન જીગ્નાબેન હિતેષભાઇને મળેલા અને વાતચીત કરી હિતેષ પરમારને રોકડા રૂ ૧,૦૦,૦૦૦ સોનાના બિસ્કીટ પેટે જમા કરાવેલ તે બાબતે હિતેષ પરમારે મારા બહેન જીગ્નાબેનના નામે રૂ ૧૦૦,૦૦૦ નું એક વાઉચર બનાવી આપેલ તેમજ તા ૩૧-૦૩-૨૦૨૫ ના રોજ તમારા મ વડીના શો રૂમ ખાતે મારા બહેન જીગ્નાબેન એકલા ગયેલા અને મારા બહેને હિતેષભાઇ પાસે રૂ ૬૦૦૦૦ જમા કરાવેલ હતા અને હિતેષભાઇએ રૂ ૬૦ ૦૦૦ ની મારા નામની સ્લીપ બનાવી મારા બહેન જીગ્નાબેનને બીજી એક સ્લીપ આપેલી જે સ્લીપમાં નેરેશનમાં ઓન્લી કેસ જમા અગાઉ રૂ ૧૦૦૦૦૦ તથા રૂ ૬૦,૦૦૦ જમા બાય હિતેષ પરમાર લખીને આપેલ હતી તેમ વાત કરી મને અસલ પેમેન્ટ રિસીપ્ટ બતાવતા હિતેષ પરમારની સહી હતી જેથી મે મારી સિસ્ટમમાં ચેક કરતાં રૂ. ૧,૬૦,૦૦૦ જમા બાય હિતેષ પરમાર અને તેઓની સહી કરેલ લેટર હતો.

જેથી અમુક દિવસો બાદ તપાસ કરતા જાણવા મળેલુ કે હિતેષ પરમારે એપ્રિલ-૨૦૨૫માં અમારા મવડીના શો રૂમ ખાતે પોતાના આઇડી માંથી કસ્ટમર ચીરા ગભાઇ ખુંટના નામે રૂા.૧,૯૯,૮૦૦નું સોનાની ગીની વજન ૨૦ ગ્રામનુ બીલ બનાવી દીધેલ છે. ત્યારે કસ્ટમર ચીરાગ ભાઇ શો રૂમની અંદર હાજર નથી અને હિતેષ આ ૨૦ ગ્રામ સોનાની ગીની ખિસ્સામાં નાખીને લઈ જતા જોવા મળે છે તેનુ સી સી ટી વી ફુટેજ પણ છે. આ ઉપરાંત આજથી દશેક દિવસ પહેલા અમારા મવડીના શો રૂમ ખાતે બીજા એક કસ્ટમર વિમલભાઈ ધીરૂભાઇ ખુંટ રહે રાજકોટ આવેલા અને મને વાત કરેલ કે ગઇ તા. ૪-૧૨-૨૦૨૪ ના રોજ હુ તમા રા નાના મૌવાના શો રૂમ ખાતે ગયેલો અને હિતેષ પરમારને મળેલો અને મારે ૧૦૦ ગ્રામનુ સોનાનુ બિસ્કીટ લેવાનુ હોય જેથી હિતેષ પરમારે મને એક સ્કીમ કહેલ કે તમે અત્યારે રૂપિયા ૭,૫૦,૦૦૦ જમા કરાવો સોનાનો ભાવ ડાઉન થાય એટલે તમારૂ ૧૦૦ ગ્રામ સોનાનુ બિસ્કીટ બુક કરી દઇશ તેમ વાત કરતા મે હિતેષ પરમાર પાસે રૂ ૭,૫૦,૦૦૦ જમા કરાવેલ હતા.

આ પછી ૭-૨-૨૦૨૫ના રોજ હિતેષ પરમારના કહેવાથી રૂ ૨૦,૦૦૦ જમા કરાવેલ હતા તે દિવસે મને આ હિતેષ પરમારે શો રૂમમાં ચાલતી સ્કીમ સમજાવેલ અને જણાવેલ કે આજે ૧૦૦ ગ્રામ સોનુ જમા રાખો તો તમને છ મહિના પછી ૧૦૪ પોઇન્ટ ૮ ગ્રામ સોનુ મળશે જેથી મને તે સ્કીમ સારી લાગતા મે હિતેષ પરમાર પાસે મારૂ ૧૦૦ ગ્રામ સોનાનુ બિસ્કીટ જમા રાખેલુ અને આ પેટે તેમણે મને અર્જુન જ્વેલર્સ પ્રા. લીમીટેડના નામનુ વાઉચર બનાવી આપેલ જેમાં મે તથા હિતેષ પરમારે સહી કરી આપેલ હતી, તેમ કહી અસલ વાઉચર મને બતાવતા તેમાં હિતેષ પરમારની સહી હોઇ ખરાઇ કરતા આ વાઉચરમાં જણાવેલ રૂ. ૭,૭૦,૦૦૦ અમારા શો રૂમના એકાઉન્ટમાં જમા થયેલ ન હોવા છ્તા હિતેષ પરમારે ખોટુ વાઉચર બનાવી વિમલભાઈ ખુંટને સાચા તરીકે આપી દીધાનું જાણવા મળ્યું હતું.

ત્યારબાદ મને આ હિતેષે અમારા શો રૂમના નામે ઘણા કસ્ટમરોને બનાવટી વાઉચરો બનાવી આપેલ હશે તેવુ લાગતા અમારા મવડી શો રૂમના અમારી પાસે ઉપલબ્ધ સીસીટીવી કેમેરા ચેક કરતા જાણવા મળેલ કે હિતેષે અમારા અર્જુન જ્વેલર્સમાં કસ્ટમરોના જમા રૂપિયાના ખોટા વાઉચર બનાવી કસ્ટમરોની તથા અમારા જ્વેલર્સની જાણ બહાર સોનાની ઉચાપત કરી પોતાના ખિસ્સામાં નાખી અમારા શો રૂમની બહાર લઇ જતા સીસીટીવી કેમેરામાં જોવા મળે છે.

ત્યારબાદ મે હિતેષ પરમારને ફોન કરી ૧૪-૮-૨૫ના રોજ અમારા શો રૂમ ખાતે હાજર રહેવા જણાવેલ અને ઇશાબેન તથા અંકીતાબેનને પણ હાજર રહેવા જાણ કરેલ, જે તમામની રૂબરૂમાં હિતેષ પરમાર સાથે ચર્ચા કરેલી જેમાં અંકીતાબેનને જે સાડા ચારસો ગ્રામ સોનુ આપવાનુ છે તે બાબતે હિતેષને પુછ્તા હિતેષે કોઈ સંતોષકારક હિસાબ કે જવાબ આપેલ નથી અને ત્યારબાદ અવાર નવાર તેને બોલાવતા આ હિસાબની ચોખવટ કરવા માટે આવેલ નથી. આમ મારા અર્જુન જ્વેલર્સ પ્રાઇવેટ લીમીટેડમાં હિતેષ પરમારની કેશીયર તરીકે ફરજ દરમ્યાન અમારા કસ્ટમરોને વિશ્વા-સમાં લઇ અલગ અલગ સ્કીમોની લાલચ આપી તેઓની પાસેથી રોકડા રૂ ૧,૭૪,૧૦, ૦૦૦ મેળવી અમારા જ્વેલર્સના નામે ખોટા અને બનાવટી વાઉચરો તથા બીલો બનાવી સાચા તરીકે આપી તેમજ અમારા શો રૂમમાંથી અલગ અલગ સમયે સોનાની ગીની તથા દાગીના મળી કુલ ૨૬૫ ગ્રામ સોનુ કિ રૂ ૨૫ ૫૭ ૮૦૦ ના ખોટા વાઉચર તથા બીલો બનાવી સોનાની ગીની તથા દાગીના લઇ જઇ કુલ રૂ ૧, ૯૯, ૬૭, ૮૦૦ ની ઉચાપત કરી ગુનાહીત વિશ્વાસઘાત કર્યો હોઇ ફરિયાદ કરી હતી. તાલુકા પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબ-રીમાં એએસઆઇ કે. પી. સાગરે ગુનો દાખલ કરતાં આરોપીને સકંજામાં લઇ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

મૂકબધિર સગીરા સાથે અડપલાં, ફોટા વાયરલ કરવાની ધમકી આપી રૂ.૭.૭૦ લાખ પડાવ્યાં

સગીરાને પાડોશમાં રહેતી યુવતી બગીચે લઇ ગઇ, ત્યાં તેના મિત્રએ સતામણી કરી ફોટા પાડી લીધાં લગ્ન પ્રસંગ માટે રાખેલ રોકડ ઘરમાંથી ગાયબ થતા મામલો સામે આવ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટના હરિધવા રોડના છેડે કોઠારીયા રોડ પરના વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની મૂકબધિર સગીરાને પાડોશમાં રહેતી તેની સહેલી ઘર નજીક બગીચે લઈ ગઈ હતી. ત્યારે આ સહેલીના મિત્રએ સગીરા સાથે ફોટો પાડી તેને અડપલાં કર્યા હતા. બાદમાં કોઈને કહેતી નહીં નહીંતર તારા ફોટા માતા-પિતા અને સગા સંબંધીઓને મોકલી દઈશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ મૂકબધિર સગીરાના ઘરે પ્રસંગ હોય જેથી ઘરે રોકડ પડી હોય તે રોકડ રૂ. ૭.૭૦ લાખ બળજબરીથી પડાવી લીધી હતી.

જે બાદ ઘરમાં રોકડ ગુમ થયા બાબતે તપાસ કરતા સગીરા સાથે બનેલી આ ઘટના સામે આવી હતી અને ત્યારબાદ આ મામલે સગીરાની માતાએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાડોશી યુવતી અને તેના મિત્ર વિરુદ્ધ પોકસો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓને સકંજામાં લઈ કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે હરિધવા રોડના છેડે કોઠારીયા રોડ પર રહેતા ૪૯ વર્ષીય મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેમના પાડોશમાં રહેતી શ્રદ્ધા અને તેના મિત્ર ઋત્વિકનું નામ આપતાં ભક્તિનગર પોલીસે બંને આરોપીઓ સામે બીએનએસ એક્ટ ૩૦૮(૨), ૬૧(૨) તથા પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

વધુમાં મહિલાએ જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ૨૩ વર્ષનો પુત્ર અને ૧૭ વર્ષની પુત્રી છે. પુત્રી જન્મથી બોલી અને સાંભળી શકતી નથી અને તેણે કોઈ શાળામાં અભ્યાસ કર્યો નથી પરંતુ મહિલા પુત્રીની સાંકેતિક ભાષા સમજી શકે છે. ગઈ તા. ૪ થી ૬ ત્રણ દિવસ દરમિયાન ફરિયાદીના પુત્ર અને તેમની જેઠની દીકરીના લગ્ન હોય જે લગ્નના ખર્ચ માટે જેઠના પુત્રએ તા.૨૭ ના રોજ રૂ.૭.૭૦ લાખ આપ્યા હતા. જે પૈસા ઘરની સેટીમાં મૂક્યા હતા. આ સમયે મૂકબધિર પુત્રી ત્યાં હાજર હતી. ગઈ તા.૧ ના સાંજના પાંચેક વાગ્યે ભત્રીજાએ કહ્યું હતું કે,આપેલ બધા પૈસા લઈ આવો સોનીની દુકાને જવું છે જેથી મહિલા પૈસા લેવા માટે જતા સેટીમાં રાખેલ પૈસા જોવા મળ્યા ન હતા. જેથી ઘરના બધા સભ્યોને જાણ કરી હતી અને પૈસાની શોધખોળ કરી હતી પરંતુ પૈસાની થેલી ક્યાંય મળી આવી ન હતી. પરંતુ જે તે સમયે પ્રસંગ હોય જેથી આ અંગે પોલીસ ફરિયાદ કરી ન હતી.

બાદમાં તા. ૬ ના લગ્ન પ્રસંગ પૂરો થતાં ફરિયાદીને તેની મૂકબધિર પુત્રીએ સાંકેતિક ભાષામાં જણાવ્યું હતું કે, આપણી પાડોશમાં રહેતી શ્રદ્ધા તથા તેના મિત્ર ઋત્વિકની સાથે તેના કહેવાથી હું આપણા ઘરની નજીક આવેલા બગીચે ગઈ હતી અને ત્યાં શ્રદ્ધાએ હું અને ઋત્વિકનો સાથે હોય તેવો ફોટો પાડ્યો હતો. તે વખતે ઋત્વિકે કમરે તથા છાતીના ભાગે સ્પર્શ કર્યું હતું, તેમજ આ હકીકત કોઈને કહેતી નહીં નહિતર ફોટા તારા માતા-પિતા તથા સગા સંબંધીને મોકલી દઈશ તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ રૂમમાં સેટીમાં પડેલ જે પૈસા હતા તે તમામ સગીરા પાસેથી ઋત્વિક અને શ્રદ્ધાએ કટકે કટકે બળજબરીથી ઘર પાસે આવી કઢાવી લીધા હતા. જે અંગેની વાત મૂકબધિર પુત્રીએ માતાને કરતા તેઓ ચોંકી ગયા હતા. ત્યારબાદ પરિવારજનોને આ વાત કરી હતી અને અંતે ફરિયાદ નોંધાવાનું નક્કી કર્યું હતું.

આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પીઆઇ એમ.એમ. સરવૈયાની રાહબરી હેઠળ ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કર્યો હતો.બનાવ અંગે પીએસઆઇ જે.જે. ગોહિલ તથા ટીમે તપાસ હાથ ધરી બંને આરોપીઓને સકંજામાં લઇ રોકડ રકમ કબજે કરવા તજવીજ હાથ ધરી છે.

પત્ની સાથે ઝઘડો થતા પતિએ ઓવરબ્રિજ પરથી પડતું મૂક્યુ

પત્નીના જૂના લિવ-ઈન સંબંધોની ચર્ચાના મુદ્દે રકઝક થતા આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું ખુલ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

રૈયા ચોકડી ઓવરબ્રિજ પરથી યુવાને ઠેકડો મારતા ગંભીર ઇજા થઇ હતી. શ્યામનગરમાં રહેતા ૪૧ વર્ષીય હરેશભાઈ લવજીભાઈ જેઠવા નામના યુવાને પત્ની સાથે થયેલી બોલાચાલી બાદ ઓવરબ્રિજ પરથી નીચે ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હરેશભાઈના લગ્ન સેજલબેન સાથે થયા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે સેજલબેન અગાઉ અન્ય એક શખ્સ સાથે લિવ-ઈન રિલેશનશિપના કરાર કરી અલગ રહેવા ગયા હતા. થોડા સમય બાદ તેઓ કરાર તોડીને પરત હરેશભાઈ સાથે રહેવા આવી ગયા હતા.

શનિવારે ઘરે બંને વચ્ચે આ જૂની બાબતે વાતચીત થતી હતી, જે દરમિયાન તકરાર વધતા હરેશભાઈને મનમાં લાગી આવ્યું હતું. પત્ની સાથેની બોલાચાલી બાદ આવેશમાં આવી હરેશભાઈ ઘરેથી નીકળી ગયા હતા અને સીધા રૈયા રોડ ઓવરબ્રિજ પર પહોંચ્યા હતા. ત્યાંથી તેમણે નીચે ઝંપલાવતા હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. આ ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ટ્રાફિક જામ સર્જાયો હતો. યુવાનને મોઢા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી હાલ તે બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતા જ ગાંધીગ્રામ પોલીસ મથકના એ.એસ.આઈ. દિલીપસિંહ જાદવ સહિતનો સ્ટાફ સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

સંતકબીર રોડ મયુરનગરમાં બીમારીથી કંટાળી પ્રૌઢનો આપઘાત

ઘણા સમયથી શ્વાસની તકલીફ હોવાને કારણે પગલું ભર્યાનુ અનુમાન

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના સંતકબીર રોડ પર આવેલી મયુરનગર સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય પ્રૌઢે બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી બાજુમાં મયુરનગર સોસાયટીમાં રહેતા મનસુખભાઈ મોહનભાઈ વળ્યું છે. રાજમોતી મિલની બાજુમાં મયુરનગર સીતાપરા (ઉં.વ. ૫૮)એ આજે સાંજે આશરે ૬૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે લોખંડના એન્ગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટના સમયે મનસુખભાઈ પરે એકલા હતા. તેમના પત્ની રામબેન અને પુત્ર કિશન બંને કામે ગયા હતા. સાંજના જ્યારે પાડોશી દૂધ આપવા માટે તેમના પરે ગયા ત્યારે આ મનસુખભાઈ ફાંસો ખાધેલી હાલતમાં લટકતા જોવા મળ્યા હતા.બી-ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો અને ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું મૃતદેહને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં કે, છેલ્લા કેટલાક સમયથી તેમને શ્વાસની તકલીફ હોવાને કારણે તેઓ ઘરે જ રહેતા હતા. બીમારીથી કંટાળીને તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું મનાય છે.

શહેરમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે પીધેલા, છરી તથા દારૂ સાથે ૩૦થી વધુ પકડાયા

હેરસલૂન સંચાલક અને ફેબ્રિકેશનના ધંધાર્થી છરી લઈને નીકળ્યા, નશાની હાલતમાં લક્ઝુરિયસ કાર ચલાવતા શખ્સો પણ ઝડપાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

થર્ટી ફર્સ્ટની ઉજવણી પૂર્વે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તમામ મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ સખત કરી દેવામાં આવ્યું છે. આ ચેકિંગ દરમિયાન પોલીસે દારૂ પીધેલા, છરી રાખતા અને દારૂના વેચાણ સાથે સંકળાયેલા કુલ ૩૦ થી વધુ શખસોની અટકાયત કરી આ અંગેની વિગતો મુજબ, શહેરમાં હવે વ્યાવસાયિકો પણ છરી સાથે નીકળવા લાગ્યા હોય તેવું ચિત્ર પોલીસ કાર્યવાહીમાં સામે આવ્યું છે. ગાંધીગ્રામ પોલીસે શીતલ પાર્ક પાસેથી પ્રકાશ ચંદુભાઈ શિશાંગિયા નામના શખસને છરી સાથે ઝડપ્યો હતો જે પૂછપરછમાં હેર સલૂન ચલાવતો હોવાનું સામે આવ્યું હતું.એવી જ રીતે કુવાડવા રોડ પોલીસે ફેબ્રિકેશનના ધંધા સાથે સંકળાયેલા રવિ નીતિનભાઈ આસોડિયાને પણ છરી સાથે ઝડપી લીધો હતો. તેમજ પોલીસના રાત્રિ ચેકિંગ દરમિયાન હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ કુલ ૧૪ શખસોને છરી સાથે પકડવામાં આવ્યા છે.

આવી જ રીતે છાટાપાણી કરીને વાહનો લઈને નીકળેલા ૧૬ થી વધુ લોકો સામે પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસે પ્રાંત દિવનોદભાઈ બારસિયા નામનો શખસ પોતાની થાર કારમાં નશાની હાલતમાં તેમજ નિઝામ અબ્દુલ દોલકિયા નામનો ગેરેજ સંચાલક ઈનોવા કારમાં નશો કરેલી હાલતમાં ઝડપાયો હતો. આ ઉપરાંત ફર્નિચરનો વ્યવસાય કરતો એક શખસ પણ બાઈક પર નશાની હાલતમાં નીકળતા પોલીસના હાથે ચડી ગયો હતો. માત્ર રસ્તા પર જ નહીં, પરંતુ દારૂના વેચાણ કરતા બૂટલેગરો પર પણ ઘોંસ બોલાવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૮ જેટલા દરોડા પાડીને દેશી અને ઈંગ્લીશ દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને વેચાણ કરતા તત્વોની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. ૩૧ની રાત્રે કોઈ પણ પ્રકારની નશાખોરી ન થાય તે માટે પોલીસ દ્વારા હજુ પણ સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

જનતા પાર્કમાં રાજુભાઈ પર સાઢુભાઈ અને તેના પરિવારનો હુમલો

મુખ્ય સમાચાર, રાજકોટ

સાધુ વાસવાણી રોડ પર જનતા પાર્કમાં રાજુભાઈ ઉપર સાઢુભાઈ અને તેના પરિવારે હુમલો કર્યો હતો. રાજુ ગોરીએ ચેક રિટર્નનો કેસ કર્યો હોય, તેમાં સાઢુ હરેશ વાઘેલાને સજાનો હુકમ થયો અને વોરંટ ઈશ્યુ થતા કેસ પાછો ખેંચવાનું કહીં માર માર્યો હોવાનો આરોપ લગાવ્યો છે.

મળતી માહિતી મુજબ, રાજુભાઈ મેઘજીભાઈ ગોરી (ઉંમર વર્ષ ૬૫, રહે. જનતા પાર્ક, સાધુ વાસવાણી રોડ, આવાસ યોજના પાસે) સવારના ૫ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતા ત્યારે સામેવાળા સુનિલ, હરેશ, અને મધુબેન થતા તેની સાથેના માણસોએ ઝઘડો કરી પાઈપ - ધોકા વડે માર મારતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આ અંગે થયેલા આક્ષેપ મુજબ, રાજુભાઈએ તેના સાઢુ ભાઈ હરેશભાઈ છગનભાઈ વાઘેલાને રૂ.૭ લાખ ઉછીના આપેલ. જે પૈકીની રકમ ચુકવવા હરેશભાઈએ રૂ. ૩ લાખનો ચેક આપેલ. આ ચેક રિટર્ન થતા રાજુભાઈએ જાણ કરી હોવા છતાં હરેશભાઈએ ચેકની રકમ ચૂકવી નહોતી.જેથી કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા કોર્ટે હરેશભાઇને સજાનો હુકમ કર્યો હતો. જેનું વોરંટ ઈશ્યુ થયું હતું. જે બાબતનો ખાર રાખી હરેશ, તેનો પુત્ર સુનિલ અને હરેશની પત્ની મધુબેને આવી ચેક રિટર્નનો કેસ પાછો ખેંચી લેવાનું કહીં ઝઘડો કરી માર માર્યો હતો. બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. નિવેદન લીધું હતું અને વધુ તપાસ હાથ ધરી હતી.

ઢેબરરોડ પર ફર્નીચરના શો-રૂમ સહિત ૧૦ દુકાનોના તસ્કરએ તાળા તોડ્યા

તસ્કરોએ ધનંજય શાહની હોસ્પિટલમાં પણ તોડફોડ કરી, સીસીટીવી ફુટેજમાં તસ્કર કેદ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં ઢેબર રોડ પર બુકાનીધારી તસ્કરે એક સાથે હોસ્પીટલ સહીત ૧૦ દુકાનોના તાળા તોડી રોકડની ચોરી તેમજ તોડફોડ કરી હોવાની ફરીયાદ થતા ભકિતનગર,ક્રાઈમ બ્રાંચ સહીતની ટીમે તપાસ કરતા બુકાનીધારી તસ્કર સીસીટીવી કેમરામાં કેદ થઈ ગયો હોય પોલીસે તસ્કરને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ઢેબર રોડ પર સદ્દગુરૂ ફનીચરના સંચાલક જયભાઈ પંકજભાઈ કારીયાએ તેના ફર્નીચરના શો-રૂમ સહીત ૧૦ દુકાનના તાળા તોડી ચોરી થયાની જાણ કરતા ભકિતનગર પોલીસ મથકના પીઆઈ સરવૈયા સહીતની ટીમે પહોચી તપાસ કરતા ભકિતનગર સોસાયટીમાં રહેતા જયભાઈ કારીયાએ જણાવ્યુ હતુ કે સવારે તેના ઘેર હતા ત્યારે તેના પિતાના ફોનમાં કારીગર મસાભાઈએ ફોન કરી ચોરી થયાની જાણ કરતા તે તેમજ તેના પિતા તેની ઢેબર રોડ ઉપર ભુતખાના ચોક પાસે સદ્દગુરૂ ફર્નીચર નામની દુકાને ગયા હતા અને તપાસ કરતા તેની દુકાનમાંથી બે હજારની રોકડ અને ગાયોના ઘાસ ચારા માટેની સદભાવનાની દાન પેટીમાંથી પરચુરણ, તેમજ પાડોશમાં બીદનેશભાઈ નંદાણીના પુનમ ફર્નીચરની દુકાનના તાળા તોડી દુકાનમાં તોડફોડ કરી હતી.તેમજ તેના પિતરાઈ પુનીતભાઈ કારીયાની ચેર હાઉસના તાળા તોડી રોકડ પરચુરણની ચોરી તેમજ ડોકરટર ધનંજય શાહના બાળકોની હોસ્પીટલના તાળા તોડી રોકડ પરચુરણની ચોરી કરી તોડફોડ કરી હતી તેમજ છ જેટલા વેપારીઓની દુકાનોમાંથી રોકડ પરચુરણની ચોરી થતા ફરીયાદ કરવાનુ ટાળ્યુ હોવાનુ જણાવતા પોલીસે જયભાઈની ફરીયાદ પરથી ગુનો નોંધી

તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં તસ્કરોએ શટર ઉચકાવી તેમજ તાળા તોડી ચોરી કરી ગયાનુ અને બુકાનીધારી એક શખસ કેમેરામાં કેદ થઈ ગયો હોય પોલીસને ચેલેન્જ કરનાર બુકાનીધારી તસ્કરને પકડી લેવા કાર્યવાહી કરી છે.

રાજકોટમાં પીજીવીસીએલ દ્વારા પરીક્ષા પૂર્ણ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં પીજીવીસીએલ દ્વારા પરીક્ષા યોજાઈ હતી... વિદ્યુત સહાય અને અન્ય ત્રણ કેડર ની પરીક્ષા યોજાઈ હતી...શહેરના અલગ અલગ ૧૫ કેન્દ્ર પર આ પરીક્ષા લેવામાં આવી હતી...૭૦૦૦થી પણ વધુ ઉમેદવારો આ પરીક્ષા આપવા નોંધાયા હતો. પરીક્ષા સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી... જેમાં રાજકોટ શહેરના કુંડલીયા કોલેજ ખાતે પણ યોજાય હતી પરીક્ષા આપવા મોટી સંખ્યામાં ઉમેદવારો પહોંચ્યા હતા... પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં ઉમેદવારોની લાંબી લાઈન લાગી હતી... આ પરીક્ષા આપવા માટે અરવલ્લી દાહોદ વડોદરા સહિતના દૂર દૂર ના જિલ્લામાંથી ઉમેદવારો રાજકોટ પહોંચ્યા હતા.

પહેલા જ વિદ્યાર્થીનતા યુવરાજસિંહ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા.. જામનગરમાં ડ્ત્રષ્ટઈકની ભરતીમાં ડમી ઉમેદવારો ઘુસી ગયા હોવાના આક્ષેપ કર્યા હતા..જવાબદાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવામાં ન આવ્યા હોવાનો દાવો પણ તેમના દ્વારા ગઈકાલે કરવામાં આવ્યું હતો.. જ્યારે આક્ષેપો અંગે પરીક્ષા આપવા આવેલા ઉમેદવારો કહ્યું હતું કે જ્યારે પણ આવા આક્ષેપો થતા હોય છે ત્યારે પરીક્ષાને લઈને તેમના મગજ ઉપર પણ અસર થતી હોય છે જોકે પરીક્ષા કોઈ પણ વિવાદ વગર યોજાય તે પણ જરૂરી છે. રાજકોટ શહેરમાં રહેલી પરીક્ષામાં ઈજાગ્રસત યુવકે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું.. એક ઉમેદવાર ને પગે પાટા હતા હાથે પણ પાટા બાંધ્યા હતા અને આ ઉમેદવાર વિલ ચેરમાં બેસીને પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યો હતો ત્યારે તેમની બેઠક વ્યવસ્થા પરીક્ષા કેન્દ્રના પહેલા મળે હોવાથી વ્યવસ્થામાં પરીક્ષાની વ્યવસ્થામાં રહેલો સ્ટાફ તેમની મદદથી આવ્યો હતો.. પોલીસ કરમી સહિતના સ્ટાફ દ્વારા ઉમેદવારને વ્હીલ ચેર સાથે ઊંચકીને સીડી ચઢાવવામાં આવી હતી.. મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ પરીક્ષા આપવા આવેલા ઉમેદવારને. સૌ કોઈએ બીરદાવ્યો હતો.